dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -08 | Issue- 150 | AD - 2025, Fagan Sud - 06 | Wednesday, Dt.05-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મેદસ્વિતામુક્ત ગુજરાત
☑ ખોરાકમાં તેલનો વધુ પડતો ઉપયોગ ટાળીએ
☑ રોજિંદા આહારમાં મિલેટ્સનો સમાવેશ કરીએ
☑ સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવીએ
આપણે Fit અને Healthy રાષ્ટ્ર બનવા માટે મેદસ્વિતાની સમસ્યાનું સમાધાન લાવવું જ પડશે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત

૨૦૨૩ વર્લ્ડકપ ફાઈનલની હારનો બદલો લીધો

ઓસ્ટ્રેલિયાને હરાવી ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં

દુબઈ, તા.૦૪

વિરાટ કોહલીની શાનદાર ઈનિંગના આધારે ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે ભારતે ૨૦૨૩ **ODI** વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામેની હારનો બદલો પણ લઈ લીધો છે. મંગળવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી સેમિફાઈનલમાં કોહલીએ રન ચેઝમાં ૩ મોટી ભાગીદારી પણ કરી હતી. તેણે શ્રેયસ અય્યર સાથે ૯૧ રનની, અક્ષર પટેલ સાથે ૪૪ રનની અને કેએલ રાહુલ સાથે ૪૭ રનની ભાગીદારી કરી. આ પાર્ટનરશિપે રન ચેઝને સરળ બનાવ્યો હતો. હાર્દિક પંડ્યાએ ઝડપી ૨૮ રન બનાવ્યા હતા. કેએલ રાહુલે છગ્ગો ફટકારીને જીત મેળવી હતી. તે ૪૨ રન બનાવીને અણનમ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરીને ૨૬૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન સ્ટીવ સ્મિથે ૭૩ અને એલેક્સ કેરીએ ૬૧ રન બનાવ્યા હતા. ભારતીય બોલર્સે ઓસ્ટ્રેલિયાને ઓલઆઉટ કરી દીધું હતું. મોહમ્મદ શમીએ ૩ વિકેટ, રવીન્દ્ર જાડેજા અને વરુણ ચક્રવર્તીએ ૨-૨ વિકેટ લીધી હતી. ભારતે અમદાવાદમાં મળેલી **ODI** વર્લ્ડ કપ ફાઈનલની હારનો બદલો લઈ લીધો છે. ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત ત્રીજીવાર ફાઈનલમાં પહોંચી છે. ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને ૪ વિકેટથી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. સેમિફાઈનલમાં ચેઝ માસ્ટર વિરાટ કોહલી પ્લેયર ઓફ ધ મેચ બન્યો છે. તેણે ૮૪ રનની ખૂબ જ મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.

વિરાટ કોહલીએ વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો

વિરાટ કોહલીએ વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં કોહલીએ જોરદાર ઈનિંગ રમી હતી. હવે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન વેસ્ટ ઈન્ડિઝનો બેટ્સમેન ક્રિસ ગેલ છે. તેણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૧૭ મેચ રમીને ૭૯૧ રન બનાવ્યા છે. કોહલીએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૧૬ મેચ રમીને ૭૪૬ રન બનાવ્યા છે.


GSEM
Department of Science & Technology Government of Gujarat
MINISTRY OF ELECTRONICS AND INFORMATION TECHNOLOGY GOVERNMENT OF INDIA
Government of Gujarat
इंडिया सेमीकंडक्टर मिशन India Semiconductor Mission
Indian DSPS R&D Team. Together, We Can.
semi
IESA India Electronics & Semiconductor Association
India's ESDM Leadership and Knowledge Partner
માનનીય વડાપ્રધાનશ્રીના સેમીકોન વિઝનથી પ્રેરિત
Gujarat semiConnect Conference 2025
Silicon Gujarat : Powering India's Semiconductor Revolution
ઉદ્‌ઘાટન પ્રવચન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
સ્થાનિકથી વૈશ્વિક મૂલ્ય શૃંખલાનું નિર્માણ
IESA VISION SUMMIT
૫ ૬ ૭ માર્ચ, ૨૦૨૫
મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત
ISPEC
1500+ Delegates
250+ Exhibitors
50+ Keynote Addresses
6 Country Specific Roundtable
160+ Foreign Delegates
7 Panel Discussions
Important Announcements

અમરેલીનાં મફતપરા વિસ્તારમાં દેશી દારૂનાં ધંધાર્થી પર પોલીસની તવાઈ

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાં દિનપ્રતિદીન દેશી-વિદેશી દારૂનું વેંચાણ વધવા પામ્યુ છે. દારૂનાં ધંધાર્થીઓને પોલીસનો જાણે કોઈ ડર ન હોઈ તેમ બેરોકટોક દેશી-વિદેશી દારૂનું વેંચાણ કરી રહ્યાં છે. અમરેલી શહેરમાં જયારે માંગો ત્યારે દારૂ મળતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આ બાબતે પોલીસ વિભાગને અનેકવાર રજૂઆત કરવા છતાં દારૂનાં ધંધાર્થીઓ પ્યાસીઓને દારૂ પહોંચાડી રહ્યાં છે. આ બાબતની જાણ અમરેલી તાલુકા પોલીસને થતાં અમરેલી તાલુકા પી.આઈ. ઓમદેવસિંહ જાડેજાએ મફતપરા વિસ્તારમાં દેશી દારૂનાં ધંધાર્થી સુરેશ પરમારના કબ્જામાં રહેલ ૧૦૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો, ૫૦ લીટરનાં કેરબા મળી કુલ રૂા.૨૫૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની કડક કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીના વોર્ડ નં. ૫ના રેલવે ક્રોસિંગના સમારકામ માટે કોમલબેન રામાણીની રજૂઆત

સાંસદ ભરતભાઈ સુતરીયાને પત્ર પાઠવ્યો

અમરેલી, તા.૦૪

અમરેલી નગરપાલિકાના વોર્ડ નં. ૫ના સભ્ય કોમલબેન સંજયભાઈ રામાણીએ સાંસદ ભરતભાઈ સુતરીયાને વોર્ડ નં. ૫માં આવેલા રેલવે ક્રોસિંગના સમારકામ માટે રજૂઆત કરી છે. રામાણીએ પત્રમાં જણાવ્યું છે કે, વોર્ડ નં. ૫માં આવેલા ચક્કરગઢ રોડ-કેરીયા રોડ અને લીલીયા રોડ પરના રેલવે ક્રોસિંગની હાલત ખૂબ જ ખરાબ છે. આ ક્રોસિંગ પરના બમ્પ તૂટી ગયા છે અને રેલવેના પાટા વચ્ચેની જગ્યામાં પણ ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ ક્રોસિંગ પર નવા પેવિંગ બ્લોક નાખવા અને ડામરથી રિપેરિંગની કામગીરી કરવી ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત, ક્રોસિંગની આસપાસ જંગલ કટિંગ કરીને માટીકામ કરવું પણ જરૂરી છે. જેથી કરીને ક્રોસિંગ પરથી વાહનોની અવરજવર સરળ બની શકે. કોમલબેન રામાણીએ સાંસદ ભરતભાઈ સુતરીયાને આ બાબતે વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

મીતીયાળા ગામે ભેંસો દોહવા બાબતે રકઝક થતાં ઝેરી દવા પીધી

પરીણિતાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડાઈ

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલાના મીતાયાળા ગામે ભેંસો દોહવા બાબતે રકઝક થતાં ઝેરી દવા પીધાનો બનાવ નોંધાયો હતો. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ભોગ બનનારને તેમના પુત્રવધૂ સાથે ભેંસો દોહવા બાબતે રકઝક થતાં લાગી આવ્યું હતું. જેથી ઘરના ફરજામાં પડેલી કપાસમાં છાંટવાની જંતુનાશક ઝેરી દવાની બોટલમાંથી પોતાની મેળે પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

રાજુલામાં કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૪

રાજુલા શહેરમાં પદ્મશ્રી કવિ દુલાબાપુ કાગની ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે નગરજનોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કવિ 'હેમાળી' સંચાલિત સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા આયોજિત કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓ અને નાગરિકોએ ભાગ લીધો હતો. શહેરના ટાવર ચોકમાં કાગબાપુ અને પુંજાબાપુ ધાખડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જે.પી. ડેર, બકુલભાઈ વોરા અને જોરુભાઈ ધાખડાએ કાગબાપુની સાહિત્ય સફરને યાદ કરી હતી. સૌરભ સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજ્યગુરુએ મજાદર ખાતે કાગબાપુનું મ્યુઝિયમ બનાવવા વિનંતી કરી હતી. કાર્યક્રમમાં યુવરાજભાઈ ચાંદુ, ગૌરાંગભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલામાંથી યુવકના ખિસ્સામાંથી અજાણ્યો ઈસમ મોબાઈલ કાઢી ગયો

ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ફીડરે વધુ તપાસ હાથ ધરી

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલામાં રહેતા એક યુવકના ખિસ્સામાંથી અજાણ્યો ઈસમ મોબાઈલ ફોન કાઢી ગયો હતો. બનાવ અંગે ઉમેશભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (ઉ.વ.૫૫) એ કોઈ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ માર્કેટિંગ યાર્ડમાં મજૂરી પર હતા. તે સમયે તેમના દીકરાના ખિસ્સામાંથી અજાણ્યો ચોર ઈસમ મોબાઈલ કાઢીને ફરાર થઈ ગયો હતો. ફોનની કિંમત ૧૩,૧૩૪ રૂપિયા જાહેર થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ફીડર વધુ તપાસ કરી રહ્યા છે.

નવી હળીયાદ પ્રા. શાળાના બાળકોની પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાઈ

બગસરા, તા.૦૪

વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ પર્યાવરણ શિક્ષણ મળે તે હેતુથી ધો. ૭ તથા ૮માં અભ્યાસ કરતી બહેનો માટે ત્રણ દિવસની પ્રાકૃતિક શિક્ષણ શિબિર "ચિખલકૂબા"(જસાધાર રેન્જ) મુકામે યોજાઈ હતી. જેમાં પંદર વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જ્યાં તેમણે પ્રાણીઓ, પક્ષીઓ, કિટકો, સરિસૃપો તેમજ નદી, પહાડ, વૃક્ષો વગેરેનું પર્યાવરણમાં શું મહત્વ છે તેના વિષે જાણ્યું હતું. આ ઉપરાંત ધો. ૬ થી ૮ના કુલ ૩૨ વિદ્યાર્થીઓની એક દિવાસીય પ્રાકૃતિક શિબિર સાસણ મુકામે યોજાયેલ હતી. જેમાં બાળકોએ દેવળીયા સફારી પાર્કની મુલાકાત લઈને જંગલનું મહત્વ, ગુજરાતનાં અભ્યારણ્યો તથા રાષ્ટ્રીય ઉદ્યાનો તેમજ પર્યાવરણ સંરક્ષણ વિષે માહિત મેળવી હતી. પ્રાણી અને પક્ષીઓ માટે પ્લાસ્ટિક અને પેસ્ટીસાઈડ દવાનો બને તેટલો ઓછો ઉપયોગ થાય તે માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

સા.કુંડલામાં નગરપાલિકાના હોદ્દેદારો દ્વારા વિકાસ કાર્યનું નિરીક્ષણ

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલા શહેરમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીક નાકરાણી અને ચેરમેન અશોકભાઈ ચૌહાણની આગેવાનીમાં વિવિધ વિકાસ કાર્યો થઈ રહ્યા છે. તાજેતરમાં, વોર્ડ નં. ૪ માં ઉતાવળા હનુમાનજી મંદિર પાસે ચાલી રહેલા વેરીંગ કોટના કામનું નગરપાલિકા પ્રમુખે નિરીક્ષણ કર્યું હતું. તેમણે કામની ગુણવત્તાની ચકાસણી કરી અને એજન્સીને જરૂરી સૂચનો આપ્યા હતા. આ નિરીક્ષણ દરમિયાન ચેરમેન લાલાભાઈ ગોહિલ, ભૂપાતભાઈ પાનસૂરીયા, જીગ્નેશભાઈ ટાંક, મયુરભાઈ રબારી, ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, અનિરુદ્ધસિંહ રાઠોડ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, પ્રવીણભાઈ સાવજ, ભાવેશભાઈ વિકમા, ગોપાલ રાઠોડ, હિમાંશુભાઈ ભટ્ટ વગેરે હાજર રહ્યા હતા.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેકટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેકટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેકટ્રીક બાઈક તુનવાલ યો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

અમરેલી શહેરમાં મેરેજ હોલમાંથી જુગાર રમતાં ૯ ઈસમો ઝડપાયા

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૧૩ શકુનીને ઝડપી પાડ્યા હતા. અમરેલીમાંથી ૯ અને સાવરકુંડલામાંથી ૪ પત્તાપ્રેમી પકડાયા હતા. અમરેલી શહેરમાં સહજ મેરેજ હોલમાંથી રાજેશભાઈ લવજીભાઈ વાઘેલા, દિપકભાઈ દામજીભાઈ દુહેરા, કલ્પેશભાઈ પ્રવિણભાઈ વાઘેલા, જયેશભાઈ પ્રવિણભાઈ વાઘેલા, દિપકભાઈ હિમતભાઈ દુહેરા, ગૌરવભાઈ મગનભાઈ વરસાણી, કરણભાઈ રવજીભાઈ ચાવડા, રાજેશભાઈ મનસુખભાઈ દુહેરા તથા પ્રકાશભાઈ જમનાદાસ ચાવડા મેરેજ હોલની અંદર ઉપરના માળે આવેલા હોલમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૫૩૬૬૦ તથા ૯ મોબાઈલ, ૭ મોટર સાયકલ મળી કુલ રૂ.૩,૦૬,૬૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલામાં શિવાજીનગરમાં પાણીના કૂવા પાસેથી આશિષભાઈ ઉર્ફે ઘુડી મધુભાઈ મકવાણા, ભાવેશભાઈ નારણભાઈ મોલાડીયા, કિશનભાઈ સોમાભાઈ મકવાણા તથા હિરેનભાઈ હિમતભાઈ મકવાણા જુગાર રમતાં રોકડા રૂ.૨૨૩૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા.

ચાવંડ ગામે વાડીએ ચાલીને જતાં પુરુષને ફોરવ્હીલ ચાલકે ટક્કર મારતાં મોત

લાઠી, તા.૦૪

ચાવંડ ગામે વાડીને ચાલી જતાં પુરુષને ફોરવ્હીલ ચાલકે ટક્કર મારતાં મોત થયું હતું. બનાવ અંગે ચાવંડ ગામે રહેતા વાસુરભાઈ કાળુભાઈ ડેર (ઉ.વ.૬૦)એ અજાણ્યા ફોરવ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ભાઈ દેવાતભાઈ કાળુભાઈ ડેર રાત્રે ચાવંડથી ચાલીને વાડીએ જતા હતા તે સમયે સાગર હોટલ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવારમાં તેમનું મોત થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એચ.જે. બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★
હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું Destini 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પહોળી સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

સા.કુંડલાના રહેણાંક વિસ્તારમાં આખલા યુધ્ધથી શહેરીજનોમાં ભયનો માહોલ

રખડતા ઢોર બાબતે નગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી થાય તેવી માગ



સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલા શહેરમાં જેસર રોડ ગીતાંજલી સોસાયટીમાં ખરા બપોરે આખલા યુદ્ધ જામ્યું હતું જેના કારણે સોસાયટીના રહીશોમાં ભય વ્યાપ્યો હતો. રસ્તા પર રખડતાં પશુઓના ત્રાસથી લોકો ભારે પરેશાન છે. હવે ઉનાળાની અસહ્ય ગરમી વચ્ચે પશુઓનો મિજાજ પણ ઉગ્ર બને એ ધ્યાનમાં લેવા જેવી બાબત છે.

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આ રખડતાં પશુઓના નિયંત્રણ માટે કોઈ ચોક્કસ કાર્યવાહી થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે. ઉનાળામાં ગરમીના પ્રકોપની અસર હવે રસ્તા પર રખડતા ઢોર પર પડી હોય તેવુ લાગી રહ્યું છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આવા રખડતાં રેઢિયાળ પશુઓને નિયંત્રિત કરવા કોઈ ઠોસ કામગીરી કરાય તેવું આમજનતા ઈચ્છે છે.

આખલા યુદ્ધના દશ્યો શહેરમાં છાશવારે જોવા મળતા હોય છે. આ સંદર્ભે તંત્રના પેટનું પાણી હલતું હશે કે નહીં? તેવી ચર્ચા લોકોમાં થઈ રહી છે.

સાવરકુંડલામાં લોહાણા મહાજનવાડી સામેના શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય

લાખોના ખર્ચે બનેલા શૌચાલયની જાળવણીનો અભાવ, સ્થાનિકોમાં રોષ

તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૪

સરકાર દ્વારા ઠેર ઠેર શૌચાલય બનાવવામાં આવે છે અને લોકોના વિકાસ માટે લાખો કરોડોની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવે છે. પરંતુ, વિકાસના કાર્યો થયા પછી તેમની સાફ-સફાઈ કે જાળવણીમાં ક્યાંક કચાસ રહી જતી હોય તેવું લાગી રહ્યું છે. સાવરકુંડલાની લોહાણા મહાજન વાડી સામે ભાઈઓ અને બહેનો માટે બનેલ શૌચાલય ગંદકીથી ખદબદી રહ્યું છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલ આ શૌચાલયની નિયમિત સફાઈ કરવામાં આવતી નથી. જેના કારણે શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. જેના કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, આ શૌચાલયની તાત્કાલિક સફાઈ કરવામાં આવે અને તેની જાળવણી માટે યોગ્ય પગલાં લેવામાં આવે.

લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લાની સેવાકીય સંસ્થા લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, આર્ષ અધ્યયન કેન્દ્રમાં રહેતા અનાથ બાળકો, મૂકબધિર શાળા અમરેલીમાં રહેતા બાળકો અને બાળાઓ અને સારહી તપોવન આશ્રમમાં રહેતા તપસ્વી વડીલોને મિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. ધાર્મિક કેટરર્સના માલિક અને લાયન સભ્ય કનુભાઈ દેસાઈએ આ ભોજનનો સહયોગ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ વિજય વસાણી, સેક્રેટરી સંજય ભેસાણીયા, ટ્રેઝરર હિતેશ બાબરિયા, રાકેશ નાકરાણી, અરુણ ડેર, ધર્મેશ વિસાવળિયા અને ધાર્મિક કેટરર્સના માલિક અને લાયન સભ્ય કનુભાઈ દેસાઈ, સાવન ટિંબડિયા (ભાણો) સહિત સંસ્થાના અન્ય સભ્યોએ સહયોગ આપ્યો હતો.

ધારી શહેરના દેવળા ગામના યુવકનું ઝેરી દવા પીવાથી મોત

ધારી, તા.૦૪

ધારીના દેવળા ગામે રહેતા એક યુવકનું ઝેરી દવા પીવાથી મોત થયું હતું. બનાવ અંગે હાલ સુરતના વેલંજા સૌરાષ્ટ્ર ગ્રીન સીટીમાં રહેતા મૂળ દેવળા ગામના ઘનશ્યામભાઈ કેશવભાઈ કાનાણી (ઉ.વ.૪૭) એ જાહેર કર્યા મુજબ, અભયભાઈ ઘનશ્યામભાઈ કાનાણી (ઉ.વ.૨૫) ત્રણેક માસથી રખડતું ભટકતું જીવન ગાળતો હતો. માનસિક સ્થિતિ પણ ખરાબ હતી. ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

મૃતકની સુસાઈડ નોટ તથા મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

શ્રેષ્ઠ પ્લેસમેન્ટ અધિકારી તરીકે કામ કરનારનું દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા અંતર્ગત બહુમાન કરાશે

અમરેલી,તા.૦૪

દિવ્યાંગતા ધરાવતા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી વ્યક્તિઓ તથા તેમને કામે રાખતા શ્રેષ્ઠ નોકરી દાતાઓ તથા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ અધિકારી તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા- ૨૦૨૪ અંતર્ગત બહુમાન કરવામાં આવશે, ભાગ લેવા માટે તા.૧૭ માર્ચ, ૨૦૨૫ સુધીમાં અરજી કરવી. દિવ્યાંગતા ધરાવતા અંધ, બહેરાં- મૂંગા, અપંગ તેમજ રક્તપિત તથા મંદબુદ્ધિ વાળા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમને કામે રાખતા નોકરી દાતાઓ તથા તેમને નોકરી અપાવવા માટે વિશિષ્ટ કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફિસર માટે રાજ્ય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૪માં ભાગ લેવા હેતુસર અરજી પત્રકનો નમૂનો www.talimrojgar.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકશે. ભરેલા અરજી પત્રકો સાધનિક દસ્તાવેજોના બિડાણો સહિત ત્રણ નકલમાં તા.૧૭ માર્ચ સુધીમાં ઉક્ત કચેરીને રુબરુ મળી જાય તે રીતે અથવા ટપાલ મારફત અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન-૦૨, સી-બ્લોક, પહેલો માળ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીને મોકલી આપવું.

જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારિયા જિ. અમરેલી.

વર્ષ ૨૦૨૪-૨૫ જુના ભંગારની હરાજી કરાવવા માટેનું ટેન્ડર

તા. ૪-૩-૨૦૨૫

જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારિયા જિ. અમરેલીમાં પ્લાસ્ટીક, લેધર મોડસ ફર્નિચર રમત-ગમતની સામગ્રી, મેસ ફર્નિચર, સંગીતની સામગ્રી, અને ફર્નિચર, લેબોરેટરીનું મટીરીયલ્સ અને અન્ય શાળાકીય સામગ્રીઓ ભંગારની હાલતમાં છે તે સહિતની જૂની સામગ્રીના વેચાણ માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવી રહ્યા છે.

ટેન્ડર ફોર્મ જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારીયા અમરેલી થી ૦૫-૦૩-૨૦૨૫ થી ૧૫-૦૩-૨૦૨૫ ઓફિસ સમય દરમિયાન રૂબરૂ મળશે ટેન્ડરના નિયમો અને શરતો સંબંધિત વિગતવાર માહિતી ઓફિસમાં ઉપલબ્ધ રહેશે ટેન્ડર ફોર્મની ફિ ૧૦૦ રહેશે. ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૦૩-૨૦૨૫ સાંજના ૫ વાગ્યા સુધી ટેન્ડર ખોલવાની તારીખ ૧૭-૦૩-૨૦૨૫ સવારે ૧૧-૩૦ કલાકે જવાહર નવોદય વિદ્યાલય, અમરેલીમાં રહેશે.

પ્રિન્સિપાલ જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારિયા ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો અને જો કિંમત યોગ્ય ન હોય તો સામગ્રીનું વેચાણ ન કરવાનો અધિકાર અનામત રાખે છે.

પ્રિન્સિપાલ
જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારિયા
જિ. અમરેલીમાં

ધારીમાં આગથી ૧,૪૧,૫૦૦ રૂપિયાનું નુકસાન

ધારી, તા.૦૪

ધારીમાં આગ લાગવાથી ૧,૪૧,૫૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું. નીતેષભાઈ ધીરૂભાઈ પંચાસરા (ઉ.વ.૩૮) એ જાહેર કર્યા મુજબ, ગૌરાંગ એપાર્ટમેન્ટના નીચેના ભાગે આગ લાગતાં બાઈક બળી ગયા હતા.

જેને લઈ કુલ ૧,૪૧,૫૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ વલીભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

અવસાન નોંધ

બગસરા

બગસરા નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજના સ્વ. કરુણાશંકર હરિશંકર દીક્ષિતના સુપુત્ર સ્વ. હર્ષદભાઈ કરુણાશંકર દીક્ષિત ઉ.વ.૪૮ તે સ્વ. કાળુભાઈ તથા ભૂદાભાઈ (ઇશ્વરભાઇ) તથા બીપીનભાઇ તેમજ રંજનબેન જયંતીલાલ રાજ્યગુરુ તથા મધુબેન સનતકુમાર મહેતા તથા ભાવનાબેન પ્રફુલકુમાર મહેતા તેમજ મીનાબેન જીતુભાઈ ઠાકરના ભાઈનું તા.૪ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૬ ને ગુરુવારે લોહાણા સમાજની વાડી બગસરા ખાતે સાંજે- ૪-૦૦ થી ૬-૦૦ કલાકે રાખેલ છે.



VOLTAS - beko
VOLTAS
SIMPLIFYING YOUR LIVES
ENHANCING YOUR HOMES
AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૮/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.ખોખર સવીતાબેન બાબુભાઈ
રહે. પીઠવડી તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી, તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ખોખર જયસુખભાઈ બાબુભાઈનો જન્મ તા.૦૫/૦૪/૧૯૭૫** ના રોજ મુ. પીઠવડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫/૨૦૨૫

શ્રી ગોવિંદભાઈ કેશુભાઈ વોરા
મું.માલીડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ .....વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - માલીડા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ગોવિંદભાઈ કેશુભાઈ વોરા દ્વારા તેમના ભાઈ શ્રી દિનેશભાઈ કેશવભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧ના રોજ મોજેઃ માલીડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - માલીડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૮મી માહે ફેબ્રુ. સનેઃ ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૮/૨૫ તા.૨૧/૦૨/૨૦૨૫

વિવાદી :- શ્રી મગનભાઈ કલ્યાણભાઈ લક્કડ
રહે. ૨૩૦, લક્ષ્મીનગર કૃપા પાસે, લંબે હનુમાન રોડ, સુરત. મો. ૯૮૨૫૪ ૯૬૩૯૮
C/O જગદિશ જી. આંસોદરિયા રહે. તાલુકા પંચાયત સામે, લાઠી
મો. ૯૩૧૬૦ ૬૮૪૫૬

વિરૂધ્ધ

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

// જાહેર નોટીસ //

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આસોદર ગામના રહીશ આ કામના અરજદારશ્રી મગનભાઈ કલ્યાણભાઈ લક્કડનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ, આંસોદર, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૨/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૭/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.બાબુભાઈ ઘુસાભાઈ વેકરીયા
રહે. મોલડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી મોલડી, તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **કૈલાસ બાબુભાઈ વેકરીયાનો જન્મ તા.૧૮/૦૫/૧૯૯૫** ના રોજ મુ. મોલડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

તંત્રી લેખ

ચાઇનીઝ ઇલેક્ટ્રોનિક્સનો સસ્તો માલ ખરીદો અને યમરાજને આમંત્રણ આપો!

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે બી.આઈ.એસ. આ એક એવી સંસ્થા છે જે અસલી અને નકલી ઈલેક્ટ્રોનિક ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માહિતી આપે છે, જનજાગૃતિ ફેલાવે છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક ઈન્સ્ટ્રુમેન્ટ નકલી ઈન્સ્ટ્રુમેન્ટ હોય તો તેનાથી કેવું નુકસાન થઈ શકે છે તેની પણ માહિતી આપે છે ખાસ કરીને મોબાઈલ ફોનની બેટરી બ્લાસ્ટ થઈ હોય તો તેની પાછળ નકલી ચાર્જર અથવા નકલી મોબાઈલ બેટરી હોઈ શકે છે. માત્ર મોબાઈલની બેટરી નહીં પરંતુ રસ્તા પર દોડતી બાઈક કે ઈ-રીક્ષાથી માંડીને મોટરકારની બેટરી પણ બ્લાસ્ટ થઈ શકે છે. આ માટે નકલી માલસામાન જવાબદાર હોઈ શકે છે. આ માટે જનજાગૃતિની ખાસ જરૂર હોવાથી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ નામની સંસ્થા કાર્યરત કરવામાં આવી છે. નકલી ચાર્જરથી ફોન બ્લાસ્ટ થઈ શકે છે! આ BIS એપથી અસલી અને નકલી ઓળખ, સંપૂર્ણ પ્રક્રિયા જાણી શકાય. નકલી મોબાઈલ ચાર્જર કેવી રીતે શોધવું? એ મુખ્ય સવાલ છે કારણ કે મોટાભાગના લોકો ટેકનિકલ નોલેજ ધરાવતા નથી એટલે વેચનાર કહે તેને સાચું માને છે અને તેના પર વિશ્વાસ મૂકે છે. આજના સમયમાં ટાઈપ-સી ચાર્જિંગ ખૂબ સામાન્ય બની ગયું છે. આવી સ્થિતિમાં, કોઈપણ વ્યક્તિ ગમે ત્યાંથી ચાર્જર ખરીદીને ફોન ચાર્જ કરી શકે છે. ઉપરાંત, કોઈનું ચાર્જર લઈને ફોન ચાર્જ કરી શકાય છે. પરંતુ આવું કરવું તમારા માટે ખૂબ જ ખતરનાક બની શકે છે. કારણ કે નકલી ચાર્જર ફોનમાં બ્લાસ્ટનું કારણ બની શકે છે. આ પહેલા પણ ઘણી ઘટનાઓ જોવા મળી છે જેમાં ચાર્જિંગ દરમિયાન ફોન બ્લાસ્ટ થયો હોય. ઘણી ઘટનાઓમાં ફોન બ્લાસ્ટને કારણે જીવ ગયા છે. આવી કોઈ ઘટના તમારી સાથે ન બને એવું ઈચ્છતા હો, તો તમારે ફોનને મૂળ ચાર્જરથી ચાર્જ કરવો જોઈએ. આ માટે તમે સરકારી BIS કેર એપનો ઉપયોગ કરી શકો છો. BIS કેર એપના માલિક બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) છે. જેમ તમે જાણતા હશો, BIS ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. BIS એ ભારતમાં વેચાતા ઉત્પાદનો માટે ગુણવત્તા પ્રમાણપત્ર સંસ્થા છે. આ એપને ડાઉનલોડ કરી શકાય છે. દરેક મોબાઈલ ફોન વપરાશકર્તા BIS કેર એપ ડાઉનલોડ કરી શકે છે. તે iOS ની સાથે એન્ડ્રોઈડ યુઝર્સ માટે પણ ઉપલબ્ધ છે. કોઈપણ વસ્તુ અસલી છે કે નકલી તે કેવી રીતે જાણી શકાય? દાખલા તરીકે તમારૂં મોબાઈલ ચાર્જર અસલી છે કે નકલી, કેવી રીતે ઓળખશો?

સૌ પ્રથમ તમારે iOS અને Android પર BIS કેર એપ ડાઉનલોડ કરવી પડશે. આ પછી તમારે એપ ખોલવી પડશે, અને ઈ નંબર ચકાસવો પડશે. તમારે CRS હેઠળ ટેપ કરવું પડશે. પછી તમને બે વિકલ્પો દેખાશે. જો તમે ઈચ્છો તો, તમે પ્રોડક્ટ રજીસ્ટ્રેશન નંબર અથવા પ્રોડક્ટ QR કોડ સ્કેન કરીને અસલી કે નકલી ચાર્જર ઓળખી શકો છો. આ પછી તમે ચાર્જરનું નામ, પ્રોડક્ટ કેટેગરી, ચાર્જર કયા દેશમાં બનાવવામાં આવે છે, ભારતીય માનક નંબર અને મોડેલ ચકાસી શકશો. નોંધણી નંબર કેવી રીતે શોધવો? જ્યારે તમે નવું ચાર્જર ખરીદો છો, ત્યારે તેના પર પ્રોડક્ટ નંબર અને QR કોડ બંને રેકોર્ડ કરવામાં આવે છે. જો આવું ન હોય, તો પહેલી નજરે જ ખબર પડી શકે છે કે ચાર્જર નકલી છે. આ ઉપરાંત, ચાર્જરની ખરીદી રસીદ પર નોંધણી નંબર પણ નોંધાયેલો હોય છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે ચાર્જર કેવી રીતે લખાય છે, તો ચાલો તમને જણાવીએ કે તે R-XXXXXXX ફોર્મેટમાં શરૂ થાય છે. આ નંબર તમે નાખીને ચેક કરી શકો છો ત્યાંથી અસલી નકલીની તપાસ કરી શકો છો. ઈલેક્ટ્રોનિક્સ ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદતી વખતે આવી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે નહીં તો મુશ્કેલીનો પહાડ તૂટી પડે એવું બની શકે.

લીલીયા કોર્ટે સજા ફટકાર્યા બાદ નાસતો-ફરતો આરોપી ઝડપાયો

આરોપીને અમરેલી જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં કોર્ટે સજા ફટકાર્યા બાદ ઘણીવાર આરોપીઓ જેલમાં જવાને બદલે બારોબાર નાસી જાય છે. જેથી આવા આરોપીઓને પકડવા માટે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક, સંજય ખરાત નાઓએ સૂચના આપેલ હોય જિલ્લામાં બેન્ક લોન લઈ પૈસા ન ભરવા નાસતજ-ફરતા આરોપી હોય જેઓને નામદાર લીલીયા કોર્ટ દ્વારા સજા પાડવામાં આવેલ હોય જે અંગે આવા આરોપીઓને પકડી પાડવા સઘળા પ્રયત્નો કરવા અને આવી બદી સંપૂર્ણ નાશ કરવા આપેલ ખાસ સૂચના અને માર્ગદર્શન મુજબ અમરેલી વિભાગના ના.પો. અધિ. ચીરાગ દેસાઈ દ્વારા આપેલ સૂચના અને માર્ગદર્શન મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે. ગીડાના સીધા માર્ગદર્શન હેઠળ લીલીયા પો.સ્ટે.ની પોલીસ ટીમે મ્હે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ લીલીયા કોર્ટમાંથી ૬ માસની સજાનું વોરંટ ઈસ્યુ થયેલ હોય જે સજા વોરંટના કામે ચોક્કસ બાતમી આધારે નાસતા-ફરતા આરોપીને લીલીયા પોલીસ ટીમ દ્વારા પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં પકડાયેલ આરોપી ધીરૂભાઇ નાનજીભાઇ વઘેડીયા ઉ.વ.૪૮ ધંધો.મજૂરી રહે.લોકા તા.લીલીયા મોટાને ઝડપી અમરેલી જેલ હવાલે કરવામાં આવેલ છે.

જાફરાબાદના બાલાની વાવના યુવકને ફોરવ્હીલ ચઢાવી મારવાની ધમકી

જાફરાબાદ, તા. ૦૪

જાફરાબાદના બાલાની વાવ ખાતે રહેતા પહુભાઈ મધુભાઈ વરૂ (ઉ.વ.૩૫)એ રાજુલામાં રહેતા શિવરાજભાઈ વાલાભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ સંજયભાઈ જગુભાઈ વરૂ, રાજદીપભાઈ જીલુભાઈ વરૂ, યુવરાજભાઈ ધીરૂભાઈ વરૂ એ રીતેના બપોરના આશરે અઢી વાગ્યે તરશિંગડા ગામે લગ્નપ્રસંગમાંથી ફોરવ્હીલ લઈને ઘરે જતા હતા તે દરમિયાન પાતળા ગામે પહોચતા આરોપીએ જુની અદાવતના મનદુઃખમાં સામેથી પુરઝડપે કાર ચલાવી તેમની ગાડી ઉપર આવવા દઈ તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ગાળાગાળી કરી થાર ગાડીને તેની બ્રેજા ગાડીના આગળના ભાગે અથડાવી બમ્પરમાં નુક્સાન કરી નાસી ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

વડીયા પંથકમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવકે યુવતીને રોકી સંબંધ રાખવા દબાણ કર્યું

છોકરી વિશે ખોટી વાતો ફેલાવી જાનથી મારવાની ધમકી આપી

વડીયા, તા. ૦૪

વડીયા પંથકમાં ફરી એક વખત બહેન દીકરીની સલામતી પર પ્રશ્નો ઉભા થયા છે. વડીયા પંથકમાં રહેતી એક યુવતીને એક તરફી પ્રેમમાં પાગલ યુવકે રોકીને સંબંધ રાખવા દબાણ કર્યું હતું. ઉપરાંત તેની જે યુવક સાથે સગાઈ થવાની હતી તેને ખોટી વાતો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે યુવતીએ શબ્બીર આમદભાઈ બાલપરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેને આરોપીએ વડીયા તથા દામનગર ખાતે અવારનવાર પીછો કરી રોકીને તેની સાથે વાત કરવા અને સંબંધ રાખવા માટે દબાણ કર્યુ હતું. તેમણે આરોપીને ફોનથી વાત નહી કરવા અને મેસેજ નહી કરવા જણાવતા સારૂ નહોતું લાગ્યું. આ સમયગાળા દરમિયાન અમરેલી મુકામે તેમની સગાઇ થવાની હોવાથી તે છોકરાને તેના વિશે ખોટા મેસેજ કરી કહેલ કે જો તું આ છોકરી સાથે સગાઇ કે લગ્ન કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી સાહેદને ખોટી કાન ભંભેરણી કરી સગાઇ થવા દીધી નહોતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

વડેરા ગામ પાસે ગાડી લઇને નીકળીશ તો સારાવાટ નહીં રહે કહી ડ્રાયવરને ધમકી આપી

અમરેલી, તા. ૦૪

અમરેલીના વડેરા ગામ પાસે એક ડ્રાયવરને ગાડી લઇને નીકળીશ તો સારાવાટ નહીં રહે તેમ કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે અનકભાઇ ઓઘડભાઈ ધાખડા (ઉ.વ.૪૬) એ મહેશભાઈ બાબુભાઈ આહિર (સનેડા ચાલક), કમલેશભાઇ વડેરા તથા એક અજાણ્યા ભાઇ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના હવાલાની બાપા સીતારામ ટ્રાવેલ્સ નામની લક્ઝરી બસ ચલાવીને જતા હોય અને વડેરા ગામ વટીને રોડ ઉપર ગોળાઈમાં પહોંચતા સામેથી સનેડાના ચાલક મહેશભાઇ આહિરએ તેના કબ્જામાંનો સનેડો પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા તેમણે બસને બ્રેક મારી દીધી હતી અને સનેડો રોડની સાઈડમાં ખાળીયામાં ઉતરી ગયો હતો. જે બાબતનું મનદુઃખ રાખી સનેડા ચાલકે ઝઘડો તકરાર કરી ગાળો આપી બીજા બે માણસોને બોલાવ્યા હતા. તેમને માથાના ભાગે પાઈપનો એક ઘા મારી ઈજા કરી ટાંકા લાવ્યા હતા. તેમજ ઢીકાપાટુનો માર મારી સનેડાના ચાલક મહેશે તેને અહિંથી ગાડી લઈને નીકળીશ તો સારાવાટ નહીં રહે તેવી ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલામાં બાબા રામદેવ યુવક મંડળ દ્વારા તૃતીય સમૂહ લગ્નોત્સવ સંપન્ન

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલાના બાબા રામદેવ યુવક મંડળ દ્વારા તૃતીય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું, જેમાં ૧૪ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. લગ્નોત્સવમાં તમામ જ્ઞાતિના પરિવારોએ ઉત્સાહભેર ભાગ લેતા સામાજિક સમરસતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યું હતું. મંડળ દ્વારા દરેક દીકરીને ૫૧થી વધુ ઘરવપરાશની વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી. ધુરેશ્વર ભારતી બાપુ, દયાપુરી માતાજી સહિત અનેક સંતો, રાજકીય આગેવાનોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. યુવા ભાગવત આચાર્ય વિજયદાદા આર. જાની (ગોલ્ડન દાદા) અને સાથી ભૂદેવોએ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન સંપન્ન કરાવ્યા હતા. આ મહોત્સવમાં ૫૪૦ સ્વયંસેવકોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાગ મહેનત કરી હતી.

સાવરકુંડલા-રાજુલામાં અંધારામાં લપાતા છુપાતા બે ઈસમો ઝડપાયા

બંને ઈસમો સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા.૦૪

સાવરકુંડલા અને રાજુલામાંથી એક-એક મળી કુલ બે ઈસમો અંધારામાં લપાતા છુપાતા મળી આવ્યા હતા. સાવરકુંડલાના મોટા ઝીંઝુડામાં રહેતો ઘનશ્યામભાઇ રવજીભાઇ ઉનાવા તથા રાજુલામાં રહેતો જીવરાજભાઇ રાણાભાઇ સોલંકી સૂર્યાસ્તથી સૂર્યોદયના સમય દરમિયાન મોડી રાતના અંધારામાં કોઈ મિલ્કત વિરૂધ્ધનો ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતા, લપાતા છુપાતા શકમંદ હાલતમાં મળી આવ્યા હતા.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૩૫૦	૧૪૮૦
ઘઉં લોકવન	૫૦૪	૫૪૪
ઘઉં ટુકડા	૪૯૮	૫૭૪
જુવાર સફેદ	૭૦૦	૯૯૦
જુવાર લાલ	૧૦૫૦	૧૧૫૦
જુવાર પીળી	૪૦૦	૫૦૦
તુવેર	૧૧૨૦	૧૪૯૦
ચણા પીળા	૯૮૦	૧૦૬૦
ચણા સફેદ	૧૪૦૦	૨૦૭૦
અડદ	૧૨૩૦	૧૫૪૦
મગ	૧૦૫૦	૧૭૮૫
વાલ દેશી	૮૦૦	૧૨૬૨
ચોળી	૧૨૭૫	૨૨૧૦
વટાણા	૧૨૨૦	૧૭૫૫
કળથી	૪૫૦	૬૫૦
મગફળી જાડી	૯૦૦	૧૧૧૦
મગફળી જીણી	૯૨૦	૧૧૮૦
તલી	૧૭૦૦	૨૧૫૦
એરંડા	૧૧૭૦	૧૨૩૨
અજમો	૨૪૧૦	૨૪૧૦
સોયાબીન	૭૧૫	૭૬૬
સીંગફાડા	૧૦૫૦	૧૩૧૦
કાળા તલ	૩૭૦૦	૫૫૦૦
લસણ	૭૫૦	૧૪૮૦
ધાણા	૧૧૬૦	૧૯૪૦
મરચા સુકા	૭૦૦	૧૯૦૦
ધાણી	૧૨૨૦	૨૧૧૧
વરીયાળી	૧૧૪૦	૧૪૧૫
જીરૂ	૩૬૫૦	૪૧૫૦
રાય	૧૦૨૦	૧૨૬૪
મેથી	૧૦૩૦	૧૪૪૦
અશેરીયો	૧૧૦૦	૧૩૦૦
રાયડો	૯૫૦	૧૦૫૫
રાજકોટ (શાકભાજી)		
કેરી કાચી	૧૨૦૦	૧૪૦૦
લીંબુ	૮૦૦	૨૩૦૦
તરબુચ	૨૨૦	૩૮૦
બટેટા	૧૬૦	૨૬૦
ડુંગળી સુકી	૧૫૦	૪૯૦
ટમેટા	૬૦	૧૨૦
સુરણ	૧૦૨૦	૧૪૩૦
કોથમરી	૨૧૦	૩૨૦
સકરીયા	૪૦૦	૬૦૦
મુળા	૩૫૦	૪૫૦
રીંગણા	૪૦૦	૭૦૦
કોબીજ	૪૦	૧૦૦
ફલાવર	૧૦૦	૨૦૦
ભીંડો	૮૦૦	૧૧૦૦
ગુવાર	૧૪૦૦	૧૮૦૦
ચોળાસીંગ	૧૧૦૦	૧૬૦૦
વાલોળ	૨૦૦	૪૦૦
ટીંડોરા	૮૦૦	૧૦૦૦
દુધી	૧૧૦	૨૩૦
કારેલા	૫૦૦	૭૦૦
સરગવો	૨૦૦	૭૫૦
તુરીયા	૪૫૦	૭૦૦
પરવર	૧૦૦૦	૧૪૦૦
કાકડી	૪૦૦	૬૦૦
ગાજર	૨૩૦	૩૮૦
વટાણા	૫૦૦	૮૦૦
તુવેરસીંગ	૩૦૦	૬૦૦
ગલકા	૫૦૦	૭૦૦
બીટ	૨૦૦	૪૦૦
મેથી	૨૨૦	૩૩૦
વાલ	૮૦૦	૧૦૦૦
ડુંગળી લીલી	૧૬૦	૨૭૦
આદુ	૮૦૦	૧૦૦૦
મરચા લીલા	૨૦૦	૪૦૦
લસણ લીલું	૨૦૦	૬૦૦
મકાઇ લીલી	૧૨૦	૨૪૦
અમરેલી		
શિંગ મઠડી	૮૦૦	૧૦૫૫
શિંગ મોટી	૯૦૬	૧૦૬૬
શિંગ ફાડા	૯૬૦	૧૨૨૪
તલ સફેદ	૧૦૨૬	૨૧૩૫
બાજરો	૫૦૧	૫૦૧
જુવાર	૪૫૨	૯૦૦
ઘઉં ટુકડા	૫૨૧	૬૨૨
ઘઉં લોકવન	૪૯૨	૫૩૬
મગ	૧૫૬૫	૧૭૪૦
અડદ	૧૧૦૦	૧૧૮૩
ચણા	૧૦૦૦	૧૦૪૭
ચણા દેશી	૧૧૦૦	૧૧૮૩
સફેદ ચણા	૧૦૩૨	૧૨૨૭
તુવેર	૮૫૦	૧૪૧૯
વાલ	૧૧૬૦	૧૧૬૦
કપાસ	૭૦૦	૧૪૫૮
એરંડા	૧૧૮૬	૧૨૧૩
જીરૂ	૨૧૦૦	૪૧૪૧
રાયડો	૯૧૫	૧૦૫૪
રાય	૧૦૩૦	૧૦૩૦
ધાણા	૧૦૧૦	૨૧૦૦
ધાણી	૧૦૦૦	૨૯૨૭
સોયાબીન	૫૯૦	૭૩૨
મરચા લાંબા	૩૦૦	૪૭૦૦
અમરેલી (શાકભાજી)		
બટેટા	૨૪૦	૩૧૦
રીંગણા	૪૦૦	૫૦૦
ફુલાવર	૧૨૦	૧૪૦
કોબીજ	૭૦	૯૦
શક્કરીયા	૩૦૦	૪૦૦
ટામેટા	૬૦	૧૧૦
સુરણ	૯૦૦	૧૧૦૦
ગાજર	૨૪૦	૩૦૦
દૂધી	૨૦૦	૩૦૦
કારેલા	૩૦૦	૪૦૦
ગલકા	૩૨૦	૫૨૦
મુળા	૨૦૦	૩૦૦
કાકડી	૧૧૦	૩૧૦
ગુવાર	૮૩૦	૧૬૩૦
વાલોળ	૫૧૦	૬૧૦
વટાણા	૫૦૦	૬૦૦
ચોળા લીલાં	૬૦૦	૮૦૦
તુરીયા	૬૨૦	૮૨૦
શક્કરટેટી	૩૦૦	૪૦૦
તુવેર	૪૪૦	૫૧૦
ભીંડો	૫૪૦	૭૪૦
આદુ	૯૦૦	૧૦૦૦
કોથમીર	૨૧૦	૩૧૦
મેથીભાજી	૪૦૦	૫૦૦
ફુદીનો	૫૦૦	૬૦૦
ટીંડોરા	૪૧૦	૫૧૦
બીટ	૧૪૦	૨૦૦
વાલ	૫૦૦	૬૦૦
સરગવો	૩૦૦	૪૦૦
લીમડો મીઠો	૨૬૦	૩૬૦
મરચા લીલા	૨૦૦	૩૦૦
મરચા લાલ	૬૦૦	૭૦૦
ડુંગળી લીલી	૨૧૦	૩૧૦
ડુંગળી સૂકી	૨૧૦	૪૬૦
લસણ લીલુ	૫૦૦	૬૦૦
લસણ સુકુ નવુ	૮૦૦	૧૪૦૦
મકાઈ	૧૫૦	૨૧૦
લીંબુ	૧૮૦૦	૨૦૦૦
પાલક	૬૨૦	૭૨૦
ગોંડલ		
કપાસ બી. ટી.	૧૧૦૧	૧૪૮૧
ઘઉં લોકવન	૫૫૨	૫૯૪
ઘઉં ટુકડા	૪૮૦	૬૩૪
મગફળી જીણી	૭૩૧	૧૧૨૧
સિંગ ફાડીયા	૯૭૧	૧૩૫૧
એરંડા / એરંડી	૮૭૧	૧૨૮૧
લસણ સુકું	૫૫૧	૧૫૫૧
ડુંગળી લાલ	૧૫૧	૫૦૬
અડદ	૭૦૧	૧૬૫૧
તુવેર	૬૧૧	૧૪૬૧
રાય	૯૯૧	૧૨૨૧
મેથી	૭૩૧	૯૫૧
કાંગ	૮૩૧	૮૭૧
મરચા	૬૫૧	૨૯૫૧
મગફળી જાડી	૬૫૧	૧૧૭૧
નવું લસણ	૫૨૧	૧૩૭૧
સફેદ ચણા	૧૦૫૧	૧૫૦૦
ડુંગળી સફેદ	૧૯૧	૨૬૧
બાજરો	૩૩૧	૪૩૧
જુવાર	૭૭૧	૯૭૧
મગ	૭૦૧	૧૬૬૧
ચણા	૧૦૧૧	૧૦૬૬
વાલ	૪૫૧	૧૦૧૧
ચોળા / ચોળી	૫૯૧	૨૩૦૧
સોયાબીન	૫૫૧	૭૮૬
ગોગળી	૫૦૧	૯૪૧
વટાણા	૨૨૧	૧૨૦૦
બગસરા		
કપાસ	૧૨૦૦	૧૫૦૦
ઘઉં લોકવન	૪૭૦	૬૧૧
ઘઉં ટુકડા	૫૨૮	૬૦૧
ચણા	૮૬૦	૧૦૩૨
સોયાબીન	૫૦૦	૭૫૫
ધાણા	૧૧૨૫	૧૧૨૫
તુવેર	૧૦૦૦	૧૩૫૧
તલ સફેદ	૧૪૭૫	૧૪૭૫
શીંગદાણા	૧૦૬૫	૧૧૦૦
મગફળી	૭૩૫	૮૦૦
રાયડો	૯૦૦	૯૦૦
ધારી		
કપાસ	૧૧૬૦	૧૩૮૦
મગફળી	૮૫૦	૮૯૬
ઘઉં લોકવન	૪૦૦	૫૦૫
ઘઉં ટુકડા	૫૩૦	૫૩૫
ચણા	૯૩૧	૧૦૧૫
તુવેર	૧૨૦૦	૧૩૪૫
ધાણ	૧૧૦૧	૧૩૨૬
મગ	૧૫૫૫	૧૬૦૦
અડદ	૧૦૦૦	૧૫૦૦
જીરુ	૩૮૦૦	૩૮૦૦
એરંડા	૧૦૯૦	૧૧૬૦
ખાંભા		
કપાસ	૧૨૭૩	૧૪૫૭
મગફળી	૯૫૧	૯૫૧
ચણા	૧૦૨૬	૧૦૪૪
તુવેર	૧૧૦૦	૧૨૦૦
મેથી	૭૦૦	૭૦૦
મહુવા		
શીંગ ગીરનાર	૧૨૧૩	૧૨૧૩
શીંગ ૩૨	૧૦૧૦	૧૦૬૮
શીંગ ૩૯	૯૩૦	૧૦૩૫
શીંગ જી.૨૦	૧૦૪૦	૧૧૧૭
જુવાર	૪૧૭	૯૩૫
બાજરી	૫૫૨	૬૬૭
ઘઉં ટુકડા	૫૧૫	૬૩૪
ચણાનં.૩	૪૭૦	૧૦૫૨
તલ સફેદ	૧૬૦૦	૨૦૧૬
તુવેર	૧૩૫૦	૧૪૬૦
ડુંગળી લાલ	૧૫૦	૫૬૬
ડુંગળી સફેદ	૨૦૦	૩૧૩
કપાસ શંકર	૯૨૦	૧૩૦૦
નાળીયેર	૬૬૬	૨૫૫૪
ધાણા	૧૫૦૧	૧૫૦૧
તલ પુરબીયા	૨૩૦૦	૨૫૭૫
ચણા દેશી	૧૧૭૦	૧૩૨૧
રાય	૮૮૨	૧૨૦૧
મેથી	૧૧૧૭	૧૨૨૫
મગ	૧૬૪૮	૧૯૪૦
રાજુલા		
શીંગ	૯૪૦	૧૦૩૦
તલ સફેદ	૧૩૦૧	૧૯૦૧
તલ પીળા	૨૨૦૧	૨૪૬૪
કપાસ	૧૨૫૦	૧૪૬૦
બાજરો	૪૬૬	૪૬૬
ઘઉં ટુકડા	૪૧૦	૬૨૯
જુવાર	૬૦૦	૯૪૦
મગ	૧૨૧૨	૧૯૦૦
અડદ	૧૧૦૦	૧૧૮૬
તુવેર	૧૦૦૦	૧૪૫૩
ચણા	૯૩૧	૧૦૬૩
રાય	૧૦૫૦	૧૧૫૧
ધાણા	૧૪૭૨	૨૦૦૧
સાવરકુંડલા		
શીંગ જીણી	૯૫૦	૧૦૫૦
શીંગ મોટી	૧૦૦૦	૧૦૮૦
તલ સફેદ	૧૬૦૦	૨૧૫૦
જીરૂ	૩૪૦૦	૪૫૦૦
કપાસ	૧૩૦૦	૧૪૫૫
ઘઉ લોકવન	૪૫૦	૫૬૦
ઘઉ ટુકડા	૪૭૦	૫૭૫
બાજરો	૪૫૦	૫૭૫
જુવાર	૭૦૦	૮૪૨
મગ	૧૧૭૫	૧૩૮૫
ચણા	૧૦૪૦	૧૦૮૧
દેશી ચણા	૧૧૫૦	૧૨૫૦
તુવેર	૧૩૦૦	૧૪૧૫
એરંડી	૧૧૫૦	૧૨૦૮
મેથી	૧૦૦૦	૧૧૨૫
વાલ	૮૨૫	----
ધાણા	૧૨૫૦	૨૪૧૫
સોયાબીન	૭૦૦	૭૫૦
રાય રાયડો	૯૦૦	૧૧૯૫
મોટા લીલીયા		
કપાસ	૧૨૮૬	૧૪૪૬
કોડીનાર		
મગફળી જી૨૦	૯૮૫	૧૦૮૬
મગફળી ૩૨નં	૯૫૦	૧૦૪૧
બાજરી હાઈબ્રીડ	૪૩૦	૬૧૬
ઘઉં	૪૪૦	૬૦૬
રાઇ	૯૪૦	૧૧૨૫
રાયડો	૮૪૦	૧૦૦૬
તુવેર	૧૨૨૦	૧૪૪૮
જુવાર	૫૬૦	૧૦૪૪
ચણા	૮૭૦	૧૦૭૦
સોયાબીન	૭૩૧	૭૯૫
કપાસ	૧૧૮૦	૧૪૩૦
કાંગ	૩૫૦	૫૬૫
સફેદ તલ	૧૭૫૦	૨૪૧૦
જામનગર		
બાજરો	૫૦૦	૫૫૫
ઘઉં	૫૫૦	૮૦૧
અડદ	૧૦૦૦	૧૫૭૦
ચણા	૧૦૦૦	૧૦૮૯
ચણા સફેદ	૧૩૦૦	૧૮૮૦
મગફળી જીણી	૮૦૦	૧૦૪૫
મગફળી જાડી	૭૦૦	૧૦૦૫
એરંડા	૧૧૫૦	૧૨૨૩
રાયડો	૯૫૦	૧૦૭૧
રાઈ	૧૦૫૦	૧૨૦૦
લસણ	૩૫૦	૧૦૯૫
કપાસ	૧૦૦૦	૧૪૫૦
જીરૂ	૩૫૨૫	૪૦૪૦
અજમો	૧૯૦૫	૪૬૯૦
ધાણા	૧૩૦૦	૧૭૦૦
ધાણી	૨૦૦૦	૨૫૨૦
ડુંગળી સુકી	૭૦	૫૩૦
મરચા સુકા	૭૦૦	૩૨૦૦
સોયાબીન	૬૫૦	૭૮૦
રાજમા	૧૦૦૦	૧૩૦૦

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

સંજોગ ન્યૂઝ
ઉત્સવ
બુધવાર, 05 માર્ચ, 2025

06

લાગે તો તીર : - બકો હુંહ ભર્યો આવ્યો, અને હાહ ખાધા વગર બોલવા મંડ્યો.

ભારત US-EU ટક્કરનો લાભ લઈ શકશે ?

બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

અમેરિકા અને યુરોપિયન યુનિયન સામસામે આવી ગયાં છે.

રશિયા અને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાના મામલે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ વોલોડીમોર ઝેલેન્સ્કી વચ્ચે તડાફડી થઈ ગઈ પછી યુરોપના તમામ દેશોએ યુક્રેનને ટેકો જાહેર કર્યો છે. યુરોપિયન યુનિયનના દેશોએ તો સમિટ કરીને યુરોપની સુરક્ષા માટે એક રહેવાનો નિર્ણય પણ લીધો છે. રશિયાના આક્રમણને ખાળવા માટે યુક્રેનમાં પોતાનું આર્મી મોકલવા માટે પણ યુરોપના દેશો તૈયાર છે. યુરોપના દેશોનું માનવું છે કે, રશિયાને રોકવામાં નહીં આવે તો એ ધીરે ધીરે યુરોપના બીજા દેશો પર પણ હુમલા કરશે ને અંદરની તરફ ઘૂસવા પ્રયત્ન કરશે. આ કાણે રશિયા તરફથી યુરોપને મોટો ખતરો છે પણ અમેરિકા આ ખતરાને ખાળવામાં દાયકાઓના સાથી એવા યુરોપના દેશોને સાથ આપવાના બદલે રશિયાની પંગતમાં બેસી ગયું છે.

યુરોપિયન દેશોને ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફની ધમકી આપી તે કારણે બંનેના સંબંધો તંગ હતા જ ત્યાં યુક્રેનના મામલે વધારે તંગ બન્યા છે. ટ્રમ્પે યુરોપિયન યુનિયનના અમેરિકામાં આવતા માલ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની ધમકી પણ આપી છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુએલ મેક્રોન ડોનાલ્ડ ટ્રમ્પને મળવા ગયા ત્યારે ટ્રમ્પે યુરોપના દેશો યુક્રેનને મદદ નથી કરી રહ્યા પણ ઉધાર આપી રહ્યા છે એવો દાવો કર્યો તેના કારણે પણ ટ્રમ્પ અને મેક્રોન વચ્ચે તડાફડી થઈ ગઈ. યુકેના વડાપ્રધાન કેયર સ્ટેર્મર ટ્રમ્પને મળવા ગયા ત્યારે ટ્રમ્પે અમેરિકાની મદદ વિના યુકે કે બીજો કોઈ રશિયા સામે ટકી ના શકે એમ કહીને સ્ટેર્મરને અપમાનિત કરી નાંખ્યા.

ટ્રમ્પે બીજી એક વાત એ પણ કરી કે, યુરોપિયન યુનિયનનો જન્મ જ અમેરિકાની મેથી મારવા માટે થયો છે. યુરોપિયન યુનિયનના દેશો નાટોના બહાને પણ અમેરિકાને ખંખેરે છે.

ટ્રમ્પના આ નિવેદનના કારણે યુરોપિયન યુનિયનના દેશોની નારાજગી વધી છે.

■■■

અમેરિકા અને યુરોપિયન યુનિયનના ટકરાવના કારણે ભારત માટે મોટી તક છે.

હમણાં યુરોપિયન યુનિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર ભારત આવી ગયા અને ઉર્સુલાએ ભારત સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે કે મુક્ત વ્યાપાર કરાર માટે ઉત્સુકતા દર્શાવી છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ બે દેશો એકબીજાને ત્યાં જે પણ માલ મોકલે તેના પર કોઈ ટેક્સ લાગતો નથી. જાપાન અને ભારત વચ્ચે અત્યારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે તેથી ભારત જાપાનથી જે માલ મંગાવે તેના પર કોઈ ટેક્સ ના લગાવે ને સામે ભારત જાપાનમાં માલ મોકલે તેના પર જાપાન કોઈ ટેક્સ નથી લેતું. અત્યારે ભારત અને યુ.કે. વચ્ચે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે મંત્રણા ચાલે છે.

હવે યુરોપિયન યુનિયન પણ ભારત સાથે ફ્રી ટ્રેડ કરે તો ભારતીય અર્થતંત્રને મોટો ફાયદો થાય. તેનું કારણ એ કે, યુરોપિયન યુનિયન ભારતનો સૌથી વધારે માલ લે છે. ૨૦૨૩માં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ૧૨૪ અબજ યુરોનો વેપાર થયો હતો. માલસામાન એટલે કે ગુડ્ઝના કુલ ભારતીય વેપારમાં યુરોપિયન યુનિયન સાથેનો વ્યાપાર ૧૨.૨ ટકા હિસ્સા સાથે સૌથી વધારે છે. અમેરિકા ૧૦.૮ ટકા સાથે બીજા નંબરે અને ચીન ૧૦.૫ ટકા સાથે ત્રીજા સ્થાને છે.

ભારત માટે સૌથી મહત્વની વાત એ છે કે, યુરોપિયન યુનિયનમાં ભારત જંગી પ્રમાણમાં નિકાસ કરે છે. ભારતની કુલ નિકાસમાં અમેરિકામાં થતી નિકાસનો ફાળો ૧૭.૯ ટકા છે અને યુરોપિયન યુનિયનનો ફાળો ૧૭.૫ ટકા છે. ચીનમાં થતી નિકાસનો ફાળો માત્ર ૩.૭ ટકા છે. યુરોપિયન યુનિયન ભારત પાસેથી સિમેન્ટ, કેમિકલ્સ, ગ્લાસ, આયર્ન અને સ્ટીલ, નોન-ફેરસ મેટલ, નોન-મેટલિક મિનરલ્સ, રીફાઈનિંગ્સ ફર્ટિલાઈઝર, પાવર જનરેશન ઈક્વિપમેન્ટ વગેરે લે છે.

ચીન સાથેના વ્યાપારમાં તકલીફ એ છે કે, ચીનમાં ભારતનો જેટલો માલ જાય છે તેના કરતાં ભારતમાં વધારે માલ ઠલવાય છે. અમેરિકામાં ભારતની નિકાસ વધારે છે તેથી ભૂરાંટા થયેલા ટ્રમ્પ ભારતના માલસામાન પર ટેરિફ લાદવા માગે છે. આ સંજોગોમાં ભારત અને યુરોપિયન યુનિયન સારા પાર્ટનર બની શકે છે. અત્યારે ભારતના કુલ વ્યાપારમાં યુરોપિયન યુનિયનનું યોગદાન માત્ર ૨.૨ ટકા છે જ્યારે અમેરિકા, ચીન અને યુકે જેવા દેશોનો હિસ્સો ૧૦ ટકાથી વધારે છે.

ભારત આ વેપાર વધારી શકે છે. ભારત ચીન કે અમેરિકા પાસેથી માલ લેવાના બદલે યુરોપિયન યુનિયનના દેશોમાંથી માલ લે અને સામે ભારતનો માલ યુરોપિયન દેશોમાં ખપે તો બંને માટે વિન-વિન સિચ્યુએશન પેદા થાય. બંને દેશો વચ્ચેનો વ્યાપાર વધે તો ભારતની અમેરિકા ને ચીન જેવા દેશો પરની નિર્ભરતા ઘટે ને યુરોપિયન યુનિયને પણ અમેરિકાના ઓશિયાળા ના રહેવું પડે.

આ ઉપરાંત બંને દેશો એકબીજાની ભૂમિ પર કંપની અને શેરોમાં રોકાણ પણ વધારી શકે. અત્યારે લગભગ ૬,૦૦૦ યુરોપિયન કંપનીઓ ભારતમાં હાજર છે પણ હવે પછી યુરોપિયન દેશોની કંપનીઓના કોઈ પણ પ્લાન્ટ ભારતમાં જ સ્થપાય એવું થઈ શકે. યુરોપના રોકાણકારો અત્યારે ચીન અને બ્રાઝિલમાં મોટા પ્રમાણમાં રોકાણ કરે છે. તેના બદલે ભારત તરફ વળે તો ભારતીય શેરબજારોની હાલત સુધરે અને તેમને પણ સારું વળતર મળે.

■■■

સવાલ એ છે કે, ભારત આ તકનો લાભ લઈ શકશે ?

અત્યાર સુધી ભારતનો ટ્રેક રેકોર્ડ આ પ્રકારની મોટી તકો વેડફી નાખવાનો છે. યુરોપિયન યુનિયનના દેશોના ચીન સાથેના સંબંધો લાંબા સમયથી તણાવપૂર્ણ છે પણ ભારત તેનો ફાયદો લઈ શકતું નથી. અમેરિકા અને ચીનના સંબંધો પણ સારા નથી ને ભારત અમેરિકા માટે ચીનનો વિકલ્પ બની શકે તેમ છે પણ ભારત ચીનની મોનોપોલી તોડી શકતું નથી. તેનું કારણ આપણા શાસકોમાં વિઝનનો અભાવ છે.

ભારતીય શાસકો વૈશ્વિક સ્તરે ચીનની સ્પર્ધા કરવાના સપનાં જુએ છે તેથી ચીનની નકલ કર્યા કરે છે પણ ભારતની પોતાની તાકાત શું છે અને ભારત ક્યા ઉત્પાદનોના જોરે પોતાની નિકાસ વધારી શકે એ સમજવાની તેમનામાં ક્ષમતા નથી. સેમીકંડક્ટર ઈન્ડસ્ટ્રી પાછળનું આપણું ગાંડપણ તેનું તાજુ ઉદાહરણ છે.

દુનિયામાં અત્યારે તાઈવાન અને ચીન સેમીકંડક્ટર ઈન્ડસ્ટ્રીમાં મોખરે છે. અમેરિકા ચીન પરની નિર્ભરતા ઘટાડવા મથ્યા કરે છે પણ મેળ પડતો નથી. ભારતના શાસકોને લાગે છે કે, ભારત માટે મોટી તક છે તેથી ભારત સેમીકંટક્ટર હબ બનવા પ્રયત્ન કર્યા કરે છે. આ પ્રયત્નો એટલા સફળ ના થાય કેમ કે ભારત પાસે સેમીકંડક્ટર ઈન્ડસ્ટ્રી માટે જરૂરી રો-મટીરિયલ જ નથી. વિદેશી કંપનીઓ ભારતમાં સેમીકંડક્ટર પ્લાન્ટ નાંખવા તૈયાર છે પણ એ બધી કંપનીઓ વિદેશથી કાચો માલ લાવશે ને તેના કારણે ભારતની આયાત વધશે.

બીજું એ કે, આ પ્રોડક્ટ પર ભારતની મોનોપોલી થવાની નથી. વિદેશી કંપનીઓને બીજે ફાયદો લાગશે તો બીજે પ્લાન્ટ નાખીને જતી રહેશે. વરસો સુધી અમેરિકા અને બીજા વિકસિત દેશોની કંપનીઓએ ચીનમાં પ્લાન્ટ નાખીને કામ ચલાવ્યું ને હવે ચીનમાંથી બિસ્તરા-પોટલાં બાંધી રહી છે એ રીતે ભવિષ્યમાં ભારતમાંથી પણ જતી રહેશે.

આ સ્થિતિનું નિર્માણ ના થાય એ માટે ભારતે ભારતમાં જ ભરપૂર કાચો માલ મળતો હોય તેના ફિનિશ્ડ ગુડ્ઝ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કેન્દ્ર સરકારે તેનો સર્વે કરાવવો જોઈએ અને એ પ્રમાણેના ઉત્પાદનો બનાવડાવવા જોઈએ. ભારત પાસે પુષ્કળ જમીનો છે, જબરદસ્ત મેનપાવર છે, પાણીની ઉપલબ્ધતા છે એ જોતાં ખેતી આધારિત કોઈ પણ પ્રોડક્ટને ભારત મોનોપોલી પ્રોડક્ટ બનાવી શકે છે.

ભારતમાં સ્ટાર્ટ અપ્સની બહુ હોહા ચાલે છે પણ મોટા ભાગના સ્ટાર્ટ અપ્સ વિદેશની નકલ કરીને ઉભાં કરાય છે. તેના બદલે વિદેશમાં જેની જોરદાર ડિમાન્ડ ઉભી થાય એવી ભારતીય પ્રોડક્ટ્સના સ્ટાર્ટ અપ્સ ઉભાં કરવા જોઈએ.

■ sanjogpurti@gmail.com

પહેલા કક્કો તો શીખો, સર...



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

ઉચ્ચારણમાં અઘરા ધ્વનિઓમાં 'સ', 'શ', અને 'ષ' છે અને 'ચ', 'છ', 'જ', 'ઝ', પ્રમાણમાં સહેલા છે તેમ છતાં 'જ'-'ઝ', 'ચ'-'છ', અને 'છ'-'સ' સમાન રીતે ઉચ્ચારી લોકો કક્કાની અધુરી કેળવણી અભિવ્યક્ત કરે છે. એટલે સાચા ઉચ્ચારથી વાકેફ થવા પ્રયત્ન કરીએ. આજે એ વાત વિષે કરીએ.

'સ', 'શ', અને 'ષ' એ અનુક્રમે દન્ત્ય, તાલવ્ય અને મૂર્ધન્ય સંઘર્ષી વ્યંજનો છે. આ ધ્વનિઓના ઉચ્ચારણ વખતે ઉચ્ચારણ અંગો સંકોચાયને હવાનો એવો અવરોધ કરે છે, કે ઉચ્છ્વસિત હવા સંઘર્ષ પામે છે, અને સામાન્ય રીતે સિસોટી વાગવા જેવા અવાજ સાથે આ ધ્વનિઓ ઉચ્ચારાય છે. 'સ' દન્ત્ય સંઘર્ષી છે, તેના ઉચ્ચારણ વખતે જીભ દાંતની નજીક રહે છે, અને હવા દાંત સાથે સંઘર્ષ પામે છે. 'સ'નું ઉચ્ચારણ અન્ય સંઘર્ષી વ્યંજનોના પ્રમાણમાં આપણે સાચું કરીએ છીએ. 'શ' અને 'ષ' થોડા અઘરા ઉચ્ચારો છે. 'ષ' મૂર્ધન્ય સંઘર્ષી છે. આપણા ઉપલાં જડબામાં, દાંતની ઉપરના અંદરના ભાગમાં સહેજ કરકરિયા જેવી રચના છે, સંસ્કૃતમાં એને મૂર્ધા કહેવાય છે. (એના પરથી મૂર્ધન્ય શબ્દ આવ્યો છે.) ઉચ્છ્વસિત હવા આ મૂર્ધા પાસે સંઘર્ષ પામે ત્યારે આ 'ષ'નું ઉચ્ચારણ થાય છે. 'શ', અને 'ષ' માં આ 'ષ' આપણે વધુ બોલીએ છીએ. (તાલવ્ય 'શ'ના ઉચ્ચાર કરતાં આ સહેલો છે એટલે.) જે તાલવ્ય સંઘર્ષી 'શ' છે, તે તાળવા સાથે સંબંધિત છે. 'શ' ના ઉચ્ચાર માટે ઉચ્છ્વસિત હવા તાળવા પાસે સંઘર્ષ પામે એ જરૂરી છે. આ રીતે ઉચ્ચારણ કરવાની બધાને ટેવ નથી હોતી એટલે 'શ' સાચી રીતે બધાથી બોલાતો નથી. જીભના ટેરવાને મૂર્ધાથી થોડું વધુ તાળવા તરફ વાળી હવાને તાળવા પાસે સંઘર્ષિત કરાવી આ ધ્વનિ સાચો ઉચ્ચારી શકાય છે. (પ્રયત્ન કરી જૂઓ, મજા આવશે.) "એનું કશું શિખર શીર્ષ સલિલ શ્યામ." (તમે પણ પ્રયત્ન કરી જુઓ, મજા આવશે)

■ naranbaraiya277@gmail.com

ખેડા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક : રાજેશ સુમેરા સાહેબ..

સામાજિક અને શૈક્ષણિક

વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

રાજેશ સુમેરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ખેડા-નડિયાદ ખાતે એજ્યુકેશન સંનિષ્ઠ ફરજ બજાવે છે. નિષ્ફળતાને સફળતામાં રૂપાંતર કરવાનું જો કોઈ વ્યક્તિએ શીખવું હોય તો સુમેરા સાહેબની વાસ્તવિક સ્ટોરી એકાદ વખત જીવનમાં ઉતારવી જોઈએ.

મધ્યમ વર્ગ પરિવારમાં જન્મેલા રાજેશભાઈનો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો અનુભવ તો મધ્યમ હતો. તેઓ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા પણ ચોથા પ્રયત્નમાં પાસ કરી શક્યા હતા. વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયમાં સતત ત્રણવાર નાપાસ થતાં અભ્યાસ અને ઘર છોડી ફોટોગ્રાફીનો શોખ હોવાથી ફિલ્મી દુનિયામાં કામ કરવા માટે ઘરમાંથી ૨૪૦ રૂપિયાની ચોરી કરી મુંબઈ જતા રહ્યા હતા. મુંબઈના અનુભવો ખૂબ જ દુઃખદાયક રહ્યા, ન તો કોઈ કામ મળ્યું.

એક રાત્રે મુંબઈ પોલીસે તેમને જબરજસ્તીથી અમદાવાદ જતી ટ્રેનમાં બેસાડી દીધા હતા. રસ્તામાં મુલાકાત દરમિયાન એક વ્યક્તિનો સંપર્ક થતા કામ મળવાની આશાએ નવસારી રેલવે સ્ટેશને ઉતરી ગયા હતા. સ્ટેશનની કેન્ટીન પર કામ મળ્યું હતું અને બે ત્રણ મહિના કાર્ય કર્યા બાદ આત્મસંતોષ ન મળતા કંઈક અલગ કરવા જુદા જુદા વ્યક્તિઓને મળતા હતા. એક વાર ફરી નવી આશાએ નવી દિલ્હી જવાની ટ્રેન પકડી. એક અલગ વ્યક્તિ સાથે અનુભવ કરી ત્યાં ચાટ અને જ્યુસ સેન્ટર પર કામ શરૂ કર્યું હતું. પોતાની પાણીપુરીની લારી પણ બનાવી હતી અને પાણીપુરી વેચવાનું કામ પણ કર્યું હતું. આવા અનુભવ ૧૫ થી ૧૬ વર્ષની નાની ઉંમરમાં થયા હતા. આટલા બધા ભ્રમણમાં રાજેશભાઈને ક્યાંય અમદાવાદ કે ઘર યાદ આવતું ન હતું. એક દિવસ જે કશ્યપ પરિવારમાં તેઓ રહેતા હતા ત્યાં દહેજની લાલચમાં રાજેશભાઈની સગાઈ અને ગામમાં નક્કી થયાની વાતો થતા પરિવાર સાથે ચર્ચા કરી અને થોડો સમય માંગી હરિદ્વાર ઋષિકેશ જેવા સ્થળો પર પ્રવાસ માટે નીકળી ગયા હતા. ત્યાં તેમણે બહુ જ નજીકથી અખાડાના સંતો અને સાધુઓ અને ઋષિઓ સાથે પનારો પડ્યો હતો અને જ્યાં બેઠા ત્યાંથી એકવાર અજાણતા ભિક્ષાવૃત્તિ પણ થતા જોઈ દિલ ભરાઈ ગયું હતું. તેથી હરિદ્વાર રેલવે સ્ટેશન નંબર-૦૨ પર બાંકડા પર બેઠા બેઠા પોતાના ભવિષ્ય વિશે વિચાર કરતા હતા ત્યારે કંઈક સાધુ સંત જેવા દેખાતા અને જ્યોતિષી જેવા ગૃહસ્થ બાંકડા પર બેઠા હતા. તેમણે ચહેરો અને હાથ જોઈને કહ્યું કે, "બેટા તું ઘરેથી ભાગીને આવેલો છે. તારી મા, ભાઈ, બહેન ખૂબ જ દુઃખી છે. તું ઘરે જા, તારો અભ્યાસ પૂરો કર. જઈને અભ્યાસમાં મન લગાવ આગળ વધીશ." એ સાંભળતા મનમાં પ્રકાશ તો થયો પણ ઘરે જવું તો શું લઈને જવું ? શું મોઢું બતાવવું? તેવા પ્રશ્નો પણ થવા લાગ્યા. રાજેશભાઈ અમદાવાદ ન ગયા ફરીથી પરત દિલ્હી આવવાની ટ્રેન પકડી અને પોતાનો નાનો પણ વ્યવસાય શરુ કર્યો. ત્રણ એક મહિના કામ કર્યું તે દરમિયાન થોડી ઘણી કમાણી કરી હતી. ત્યારબાદ ટિકિટ લઈ નવસારી ગયા હતા જ્યાં ગીરવે મૂકેલી ઘડિયાળ પરત લઈ ૧૨ કલાક જેવું નવસારીમાં રોકાઈ ત્યાંથી કાળી ચૌદસની રાત્રે બાપુનગર અમદાવાદ પહોંચી પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી હતી. એસ.એસ.સી. માર્ચ ૧૯૯૨ની પરીક્ષાની તૈયારી કરી પાસ પણ થઈ ગયા હતા. બાપુનગરમાં પાર્થ હાઈસ્કૂલમાં ધોરણ ૧૧ માં પ્રવેશ લઈ ભૂગોળ અને મનોવિજ્ઞાન જેવા વિષયમાં રસ પડ્યો હતો. સાથે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરમાં જતા. આ સંજયભાઈ સાથે દર રવિવારે કિશોર સભામાં પણ જવાનું થવા લાગ્યું. પ્રમુખ સ્વામીના ડોક્ટર સ્વામીના સાનિધ્યમાં પણ તેઓ આવ્યા હતા. આમ નવા લોકો સાથે મળતા મળતા ફોટોગ્રાફીનો શોખ વ્યવસાયમાં પરિણમ્યો હતો. વીડિયો કેમેરા ખરીદવાના રૂપિયા ન હતા તથા ભાઈઓની કોઈ મદદ ન મળતા પ્રણવ મશર અને પ્રકાશ ભાવસાર, યોગેશ પટેલ જેવા મિત્રોના કેમેરા ભાડે લઈને પણ આ ધંધો શરૂ કર્યો હતો અને એમની સાથે લાઈટમેન તરીકે ૨૫ રૂપિયા રોજ પર કામ પણ કર્યું હતું. ધોરણ ૧૨ પાસ કરીને બી.એ. કરવા માટે શહેરની પ્રતિષ્ઠિત શ્રી એચ.કે. આર્ટ્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યાં તેમને ભૂગોળ અને તત્વજ્ઞાન જેવા વિષય સાથે અભ્યાસ કર્યો હતો. આમ તો પિરિયડ બંક કરતા હતા પરંતુ કોલેજમાં નામના અને ચાહના મેળવી કોલેજમાં વિદ્યાર્થી નેતા તરીકે પસંદ થઈ ચર્ચા મંત્રી બન્યા હતા અને સાહિત્યમાં રસને લીધે રાજેશમાંથી કવિ "રાજ"બન્યા. લલિત કળાને લીધે નાટક અને ગુજરાતીમાં પણ કામ કરવાનું કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટીની ૭૦ માર્ક્સની એક્સ્ટર્નલ પરીક્ષા માટે ૬૮ જેવા ગુણ પણ મળ્યા હતા. કોલેજનો સમય બપોરે ૧૨ વાગે પૂર્ણ થાય પરંતુ આશ્રમ રોડ પર કૃણાલ હોટલની પાસે શંકરની ચ્હાની કીટલી પર દિવસ પૂરો થતો હતો. નાટકના રસને લીધે ફિલ્મ નિર્માણની ચર્ચાની સાથે નાની ગોલ્ડ ફ્લેકના ધુમાડા સાથે ચ્હાનું બિલ હજાર રૂપિયા સુધી આવવા લાગ્યુ હતું પણ તમન્ના તો કંઈક કરવાની હતી. ગુજરાત રાજ્યના માહિતી ખાતાના નશાબંધી ખાતાના નાટકો પણ મયુર વાકાણી અને દિશા વાકાણી સાથે સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લામાં કર્યા હતા. આ સાથે કોલેજમાં જ કોસ્મેટીક્સનો રીટેલ બિઝનેસ પણ શરૂ કર્યો હતો. બહુ સફળતા મળી નહિ. ગ્રેજ્યુએશન યુવાનીના વિભાજિત રંગો સાથે પૂર્ણ થયું હતું.

ગુજરાત યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ સાયન્સમાં એમ.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો અને ત્યાં જ તેમને ભારતની મોટી પરીક્ષા યુ.પી.એસ.સી.ની ખબર પડી હતી. તે જ વર્ષે સ્પીપામાં પ્રવેશ પરીક્ષા પાસ કરી એમણે પાર્ટ ટુ નો અભ્યાસ અધૂરો છોડી અને **IAS** થવાની તૈયારી શરૂ કરી હતી. નવી દિલ્હીની મુલાકાત લઈ વિવિધ કોચિંગ ક્લાસ, **JNU** દિલ્હી યુનિવર્સિટીની મુલાકાત લીધી.એ વખતે ગુજરાતમાંથી પાસ થયેલા **IAS-IPS**ની મુલાકાત લીધી અને ઘણું બધું શીખવા અને જાણવા મળ્યું. એ સિવાય સરકારી નોકરી મેળવવા માટે બેંક, એસએસસી, રેલવે, જીપીએસસીની પરીક્ષાઓ પણ આપવાનું શરૂ કર્યું. રેલવેની પરીક્ષા આપવા માટે છેક જમ્મુથી કન્યાકુમારી અને પૂર્વમાં કોલકાતા સુધીના પ્રવાસ કર્યા હતા. આ બધા જ પ્રવાસ દ્વારા એક નવા જ પ્રકારનો એક્સપોઝર અનુભવ પણ મેળવ્યો હતો. આ પરીક્ષા સાથે યુપીએસસીમાં સફળતા ન મળતા અભ્યાસ પૂર્ણ કરવા માટે **MA** પાર્ટ -૨ ની બાકી પરીક્ષા આપી સફળ વ્યવસાયિક ડિગ્રી બી.એડ પેટલાદમાં કર્યું. (ક્રમશઃ)

■ Mo.9825702282

ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ

● રસોઈમાં વપરાતા વીજળીથી ચાલતા યંત્રો વાપરવા જોઈએ કે નહીં ?

બિલકુલ ન વાપરવા જોઈએ આજના સમયમાં અત્યંત અણગમતો, અસ્વીકાર્ય અને અવ્યવહારિક લાગે એવો જવાબ છે પરંતુ યંત્રોથી થતો ગેરલાભ જાણીએ તો એનો ઉપયોગ કરવાનું બંધ કર્યા સિવાય ન રહીએ. યંત્રને કારણે પદાર્થ ઉપર થનારી કોઈપણ પ્રક્રિયાની ગતિ વધી જાય છે, ગતિ વધવાને કારણે ગરમી પેદા થાય છે, એ ગરમીને કારણે પદાર્થના પોષક તત્વો બળી જાય છે પરિણામે પદાર્થ નિઃસત્વ (તત્વ વગર) બની જાય છે. આવા નિસત્વ પદાર્થો ખાવાને કારણે શરીરને પોષણ તો મળતું જ નથી, ઊલટાનું પાચનતંત્રને પદાર્થો પચાવવાનો શ્રમ વધારે કરવો પડે છે. છેવટે તો જે હેતુ માટે આપણે ખાઈએ છીએ એ હેતુ સરતો નથી. આ બાબત ધ્યાનમાં રાખીને જ યંત્રો વાપરવા કે ન વાપરવા અંગેનો નિર્ણય વ્યક્તિએ કરવો જોઈએ.

● હાથે ખાંડેલા મસાલા અને યંત્રથી દળેલા મસાલામાં શું ફેર ?

હાથે ખાંડેલા મસાલામાં મનુષ્યના હાથની શક્તિ વપરાય છે, સાથે સાથે મનુષ્યના હાથની ગતિથી મસાલા ખાંડવાનું કામ થાય છે. મનુષ્યના હાથની ગતિ પ્રાકૃતિક ગતિ હોય છે જ્યારે યંત્રની ગતિ અતિ ઝડપી હોય છે અને અપ્રાકૃતિક હોય અપ્રાકૃતિક ગતિને કારણે તીવ્ર ગરમી પેદા થાય છે એ ગરમીમાં મસાલાનાં બધાં જ પોષક તત્વો બળી જાય છે. તે પછી મસાલાનો રંગ અને સ્વાદ તો રહે છે પરંતુ સત્વની દ્રષ્ટિએ એ કચરો થઈ જાય છે અને પાચનતંત્ર ઉપર બોજ બની જાય છે.

વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

હાથે ખાંડવામાં શ્રમ પડે છે અને તેથી આપણે જાતે મસાલા ખાંડતા નથી. પૈસા લઈને ખાંડનાર વ્યક્તિઓ સાથે માથાકૂટ કરવી પડે છે એ આપણને ગમતું નથી એટલો આપણને સમય પણ હોતો નથી. હવે તો એવા ખાંડનારા પણ સહેલાઈથી મળતા નથી વળી હવે આખા વર્ષના મસાલા એકસાથે ખરીદીને ભરવાનું પણ પ્રચલન રહ્યું નથી. તેથી આપણે હાથે ખાંડવા ખંડાવવાને બદલે દળેલા મસાલા ખરીદવાનું પસંદ કરીએ છીએ. સ્વાસ્થ્યના ભોગે સગવડ સાચવવી એ ડહાપણનું કામ તો નથી જ, પણ કદાચ સાચી બાબત નથી જાણતા માટે આપણે સગવડને પ્રાધાન્ય આપીએ છીએ, સાચી બાબત જાણ્યા પછી આપણે આપણો અભિગમ બદલીએ પણ ખરા.

● બજારમાંથી તૈયાર લાવેલા અને ઘઉં દળાવીને લાવેલા લોટમાં શું ફેર હોય છે ?

ખરેખર તો કોઈ ફેર હોવો જોઈએ નહીં પરંતુ જોખમો આ પ્રકારના છે એમાં

૧.બજારમાંથી તૈયાર લાવેલો લોટ કયા પ્રકારના ઘઉંનો હશે તેની ખાતરી ન આપી શકાય.

૨.એ ઘઉં આપણને માફક આવે એવા હોય કે નહીં તેની ખાતરી ન આપી શકાય.

૩.લોટ કેટલો વાસી છે કે તાજો તેની ખબર ન પડે.

૪.એમાં ભેળસેળ થયેલી છે કે કેમ એની પણ ખબર ન પડે.

૫.મોંઘું પડે તે તો ખરું જ.

આવા બધા કારણોને લીધે લોટ તૈયાર લાવવા કરતા દળાવવું સારું.

● જુદી જુદી વાનગીઓના ઈન્સ્ટન્ટ મિક્સ મળે છે તે વાપરવા જોઈએ કે નહી ?

ન વાપરવાં જોઈએ. કારણ કે, તેમાં જુદી જુદી જાતની પ્રક્રિયાઓ કરેલી હોય છે એ બધી પ્રક્રિયાઓ સ્વાભાવિક અને પ્રાકૃતિક હોતી નથી વળી તેમાં રસાયણોનો ઉપયોગ થયેલો હોય છે આ રસાયણો પણ આપણા સ્વાસ્થ્ય માટે લાભકારી હોતા નથી. ભેળસેળનું અને મોંઘા ભાવનું જોખમ તો ખરું જ. પૈસા ખર્ચીને માંદા પડવાનો ધંધો ગણાય.

● ટુ મિનિટ મેગીમાં શું ખોટું છે ?

મેગી તો કંપનીનું નામ છે પણ ટુ મિનિટ મેગીના નામે જે પદાર્થ મળે છે તેને નુડલ્સ કહે છે આપણે એને સેવો કહીએ છીએ. બજારમાં જે નુડલ્સ મળે છે તે મેંદાની હોય છે વળી તેમાં રસાયણો નાખીને પ્રક્રિયા પણ કરેલી હોય છે. મેંદો ચીકણો હોય છે, તે આંતરડામાં ચોંટી જાય છે તેનાથી પાચનતંત્ર બગડે છે તેનાથી આમ ઉત્પન્ન થાય છે. કોલેસ્ટ્રોલ વધારવામાં અને હૃદય રોગ થવામાં એ કારણભૂત બને છે. નાના મોટા સૌ ખાય છે બાળકોને તો તેનું વ્યસન થઈ જાય છે પરંતુ અજ્ઞાનને કારણે માત્ર જાહેરાતો જોઈ જોઈને આપણે આપણા સ્વાસ્થ્યનું મોટું નુકસાન કરીએ છીએ. નૂડલ્સ અથવા સેવો ઘેર પણ બને છે. પરંપરાથી આપણે ત્યાં સેવો બનતી આવી છે એની વાનગીઓ પણ પ્રસિદ્ધ છે એ વાનગીઓ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. સમજદાર લોકોએ નુડલ્સનો સ્વાસ્થ્યકારી વિકલ્પ વિચારવો જ જોઈએ.

● ઘેર બનાવેલા અથવા બનાવી શકાય એવા ઈન્સ્ટન્ટ ફૂડના નામ આપો.

ઈન્સ્ટન્ટ ફૂડ એટલે ઝપાટામાં બની જાય એવી વાનગીઓ, વળી એવી વાનગીઓ જે મુખ્ય ખાણું બની શકે, નાસ્તામાં ચાલી શકે. દાખલા તરીકે ચટણી, રાયતું, મુરબ્બો, શરબત એ ઈન્સ્ટન્ટ ફૂડ ન કહેવાય કારણ કે એ મુખ્ય ખાણુ નથી. ઝપાટામાં બની શકે એટલે કેટલા સમયમાં ટુ મિનિટ મેગીએ એક સમય મર્યાદા તો આપી છે. બે જ મિનિટમાં બની જાય એવી જાહેરાતની બે મિનિટ વાસ્તવિક બે મિનિટ હોતી નથી એ વાત આપણે જાણીએ છીએ તેથી બનાવવાની શરૂઆત કરીએ ત્યારથી ૧૦ થી ૧૫ જ મિનિટમાં તૈયાર થઈ જાય તેને આપણે સામાન્ય રીતે ઈન્સ્ટન્ટ ફૂડ ગણી શકીએ.

આટલી બાબત સમજી લઈને હવે ઈન્સ્ટન્ટ ફૂડની વાનગીઓની આ યાદી ઉપર નજર નાખીએ કુલેર, સુખડી, શીરો, બટેટા પૌવા, ઉપમા, ખાંડવી, પુડલા, ભાખરી, ખીચું, સિંગ-તલ-દાળિયા, વગેરેની ચીકી, ઓસાવેલી સેવ, ભજીયા, વઘારેલા મમરા, પુરી, રાબ, બટેકાની સુકીભાજી, થેપલા, દુધીની ખીર, ફળોનું લીંબુ, મરી અથવા દહીં નાખેલું રાયતુ, મમરાની ચટપટી, કંસાર, ગળી પુરી કે ભાખરી, બાફેલી મગફળી, દાળિયાનો લાડુ, માલપુવા, ચણાના લોટની ઢોકળી આ યાદીને કુશળ ગૃહિણીઓ ઘણી મોટી બનાવી શકે છે. વળી ચુકવણીની પણ એટલી બધી વસ્તુઓ હોય છે કે જેનાથી તરતો-તરત કોઈ વાનગી બની જાય છે દાખલા તરીકે વડી, પાપડ, સેવ, ખાખરા વગેરે.

● રસોઈ કરવામાં બળતણનું શું મહત્વ છે?

રસોઈ કરવા માટે લાકડા, કોલસા, છાણા, કેરોસીનનો સ્ટવ, ગેસ, વીજળી, માઈક્રોવેવ, સૂર્યની ગરમી વગેરે જુદા જુદા પ્રકારનું બળતણ વપરાય છે.

તૈયાર થતા પદાર્થની ગુણવત્તાની દ્રષ્ટિએ વિચાર કરીએ તો આ પ્રમાણે ક્રમ આવે.

સૂર્યની ગરમી, છાણા (ગાયના છાણા), લાકડા, કોલસા, ગેસ, વીજળી, કેરોસીન, માઈક્રોવેવ.

આ પૈકી પ્રથમ ચાર શ્રેષ્ઠતાની દ્રષ્ટિએ એક એકથી ઉતરતા ગણાય પણ કોઈ રીતે હાનિકારક નથી. (ક્રમશઃ)

બકો હુંહ ભર્યો આવ્યો, અને હાહ ખાધા વગર બોલવા મંડ્યો

બકો હુંહ ભર્યો આવ્યો, અને હાહ ખાધા વગર બોલવા મંડ્યો.

બોસ્, બોસ, બોસ... મને એ જણાવો કે, વિધાનસભામાં કેટલા ખાતાં હોય છ ?' બોસને પહેલાં તો આશ્ચર્ય થયું. કોઈ દિવસ નહીં. અને બકાને ઓચિંતા ધારાસભાનું ભૂત કેમ વળગ્યું ?'બકા, તારે એ જાણીને શું કામ છે? બોસ, કામ વગર અત્યારે કોઈને મરવાની 'ય નવરાશ નથી. કાંઈક કામ હશે, તો જ પુછ્યું હોય ને.

હા પણ, તે સવાલ બારમાં ધોરણની પરીક્ષા જેવો પુછ્યો છે. બારમાં ધોરણમાં ભૌતિકવિજ્ઞાનના પેપરમાં એક પ્રશ્ન એવો પુછાયો કે, સૌ વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા. સુપરવાઈઝરનેય શુજ ના પડી.

શિક્ષકોય મૂંઝવણમાં મુકાયા. અંતે ગાંધીનગર સુધી વાત પૂગી. પણ ત્યાં ત્રણ કલાકનો સમય પૂરો.

બોસ, મેં તમને બારમાં ધોરણનો પ્રશ્ન નથી પુછ્યો. વિધાનસભાનો પ્રશ્ન પુછ્યો છે. અને હા, ભણતરને અને વિધાનસભાને કાંઈ લાગે વળગે નહીં.

હા પણ, આ તારો પ્રશ્ન એના જેવો જ છે.

તું કહે છે કે, વિધાનસભામાં કેટલા ખાતાં હોય છે?

હવે હું એમ કહું કે, સૌ પાંહે ખાતાંમાં 'ય ખાતાં હોય છે. તો તું કહીશ કે, કેટલા કેટલા ખાતાં હોય છે ??

એટલે આનો મૂળ જવાબ આપવો અઘરો છે.

હા પણ, છતાંય કાંઈક આંકડો તો હશે ને !!?

જો ભાઈ, ઘણાંય ખાતાં બહારેય ખાતાં હોય છે. આનો આંકડો કેમ કરીને ભેગો કરવો ?

લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

અભણ અમથાલાલને હવે બોલ્યા વગર હાલે એમ નહોતું.

ભાઈ તારે કામ શું છે?

ઈ કેને. તને કોઈ ગામડાં ગામની સામાન્ય સભ્યની ચૂંટણીમાં 'ય હંભારતુ નથી અને તું સીધી જ ગાંધીનગરની વાત કરે છે. ગાંધીનગર પોગતાં કેટલી વીહે હો થાય ? ઈ ખબર છે ??

અને સૌની પાંહે ખાતાં હોય તો ખાતાં હોય. ઈ બચારા તમારી કેટલીક સેવા કરે ? આ દુનિયામાં સૌ કોઈ સૌ સૌની રીતે ખાતાં હોય છે. આપણે ખાતાં હોઈએ અને બે રોટલી વધારે ખવાય તરત જ ઘરવાળી અંદરથી બોલશે.

'કેટલીક ભૂખ લાગી છે? મોઢામાંથી ભહજો. એટલે મને રોટલાં ટીપવાની હમજણ પડે.'

'અને એ લોકો ખાતાં હોય તો શક્ય છે કે, બાજુવાળાને 'ય ખબર ના પડે. બસ ખાયે રાખે ખાયે રાખે. માંડ માંડ પાંચ વરહ હાથમાં આવ્યાં છે. હા, હું માનું છું કે, ખાતાં વગર સરકાર હાલતી ચાલતી નથી. પણ કાંઈક તો આંકડો હોય ને !!

અમથાલાલે હવે માંથુ ખંજવાળ્યું. બકા બકા, હારા હારા મુખ્યમંત્રી 'ય અત્યાર સુધીમાં હોધી હકયાં નથી કે, કેટલા ખાતાંમાં ખાતાંનો આંકડો કેટલો છે ? વિધાનસભામાં તો ખાતાં હોય છે પરંતુ બહારે 'ય ખાતાં હોય છે.

પણ, તારે આ બધું જાણીને કરવું છે શું??"

"અમથાલાલ માનો કે, ઘણાં 'યને બગાસું ખાતાં પતાસું મળી ગયું છે. એમ આ તો મોદી સાહેબનો યુગ હાલે છે. રખે ને કાલ હવારે આપણને ધારાસભાની ટિકિટ મળે. અને ઘણાં 'ય (ના)-લાયક સભ્યો લાયક બની ગયાં છે એમ આપણે 'ય જીતી જઈએ અને ..અને..,ખરસો કરીને 'ય મંત્રી બનાવતાં હોય તો આપણને ખબર તો હોવી જોઈએને. કે, સરકારમાં કેટલા ખાતાં હોય છે. અને ખાસ તો, ખાતાંમાં 'ય કેટલા ખાતાં હોય છે.

બકા, આ તારું વિચારવાનું ખોટા રસ્તે છે. ઈ હંધૂય સમય આવ્યે સમજાય જાય. અત્યારે નાહકનું મગજ હલાવવું.

બોસ, તમે ન્યાં જ ખોટા પડો છો. ત્યારે તમારી પાંહે ખાતાં સિવાય કાંઈ વિચારવાનું હોતું જ નથી.

તારે જાણવું છે શું ? ઈ ફોડ પાડીને વાત કરને.

આ પંજાબની માન સરકારનો જ દાખલો લઈ લો.

મંત્રી મંડળમાં એક થી પાંચમાં જેની ગણતરી થાય એવું નામ. 'કુલદીપ સિંહ ધાલીયાલ.'

હવે આ ધાલીયાલના ખાતાંમાં જ ઘાલમેલ થઈ.

અને પાછી કેવી ઘાલમેલ !?? વીહ વીહ મહિને ખબર પડી કે, કાંઈક ઘાલમેલ છે.

બકા, કાંઈક હમજાય એવું બોલ. આપણે માનીએ છીએ કે, પંજાબના લોકો ભોળા હોય છે પણ, એની કોઈ મજાક ઉડાડે એટલા તો ભોળા ના જ ગણાય ને !!

બોસ, હજીય તમે ખાંડ ખાવ છો. આ ધાલીયાલને મંત્રીમંડળનું વિસ્તરણ થયું એમાં એક ખાતું આપવામાં આવ્યું હતું. વહીવટી સુધારા વિભાગ હવે ખાતું રાતે આપ્યું કે, દિવસે ? ઈ તો રામ જાણે.પણ વીહ વીહ મહિને ખબર પડી કે, આવું આવા નામનું સરકારમાં ખોઈ ખાતું જ નથી.

અભણ અમથાલાલની ટાલમાં રહ્યા સહ્યા વાળે 'ય ઊભા થઈ ગયા. તો પછી.., વીહ વીહ મહિના હુધી આ ઘાલમેલ મતલબ ધાલીયાલે કામ કર્યું શું!?? ઓફિસમાં બેહીને કાગળિયા શું જોયાં ?? માનો કે, ઈ હંધાય દિલ્હીની ચૂંટણીમાં પડ્યા હોય પણ, જનતાનું શું!?? એટલે જ મારે જાણવું છે કે, સરકારમાં કેટલા ખાતાં હોય છે ???

■ kalubhaibhad123@gmail.com

સહેજ પણ શરમાયા વગર વાંચો.... શરમાળપણાથી થતી અસર

તમને તમારામાં રહેલી આવડત કે શક્તિનો સાચો ખ્યાલ જ નથી. પરિણામે, કેટલીકવાર વિના કારણે સામી વ્યક્તિને તમે, તમારાથી ચઢિયાતી માની લો છો, તમારા કરતાં વધુ બુધ્ધિશાળી માની લો છો અને તમે જાણે કે એનાથી ઊતરતા છો, ઓછી બુધ્ધિવાળા છો એવુ મનોમન માનો છો. આવી બાબતોમાં મુખ્યત્વે ‘‘શરમાળપણું’’ વધારે ભાગ ભજવે છે.

શરમાળપણાથી થતી અસરો : (૧) શરમાળ વ્યક્તિ જ્યારે મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાય છે ત્યારે હિંમત અને સ્વસ્થતાપૂર્વક સામનો કરી શક્તી નથી. તે મોં નીચુ કરી દે છે, છાતીના ધબકારા વધી જાય છે, બોલે ત્યારે જીભ થોથવાઈ છે. ચહેરો પીળો પડી જાય છે. આવા અવગુણોની માત્રા વધવાને કારણે શરીરના સ્નાયુઓ પણ ઈચ્છા મુજબ વર્તતા નથી તેની અસર શરીર પર પડે છે. (૨) શરમાળ વ્યક્તિ પોતાની લાગણી અસરકારક રીતે વ્યક્ત કરી શક્તી નથી. તેથી, મિત્ર - સગા - સંબંધી - ઓળખીતા કે આડોશી પાડોશી સાથે ખૂબ જ ઠંડુ વલણ દાખવે છે. તેથી તેઓના મનમાં આવી વ્યક્તિઓ પ્રત્યે ‘‘ઠંડી વ્યક્તિ’’ ની છાપ અંકિત થાય છે. (૩) કુટુંબમાં મા - બાપ - ભાઈ - બહેન - ભાભી - પુત્ર - પુત્રી - પત્ની - દિયર - દેરાણી - જેઠ - જેઠાણી તરીકે શરમાળ વ્યક્તિ પોતાની ભૂમિકા અસરકાર રીતે ભજવી શકતી નથી, પરિણામે, કૌટુંબિક સંબંધો મધુર બની શકતા નથી. (૪) શરમાળ વ્યક્તિઓ ધંધો - રોજગાર કે નોકરીના ક્ષેત્રમાં ખૂબ જ પાછા પડી જાય છે. ધંધાદારી વાટાઘાટોમાં પોતાનું હિત સાચવી શકતા નથી. તેઓ દરેક બાબતમાં નમતુ જ જોખ્યા કરે છે. સમાધાનકારી વલણ અપનાવીને પોતે પોતાનું જ નુકસાન કરતા હોય છે. (૪) નોકરી ધંધામાં ઉપરી તરીકે હોય ત્યારે, પોતાના હાથ નીચેના માણસો પર પોતાના અધિકારનો રૂઆબ જમાવી શકતા જ નથી. હાથ નીચેના મણસો જે કહે તેમાં સંમત થઈ જાય છે. પરિણામે, પોતાનો હોદ્દો જાળવી શકતા નથી. (૬) શરમાળ વ્યક્તિ પોતાનું મૂલ્યાંકન ખૂબ જ નીચું આંકે છે. પોતાનામાં રહેલા દુર્ગુણોને હોય તેના કરતાં મોટા કદમાં નિહાળે છે અને મનોમન ઘૂંઘવાયા કે ગૂંચવાયા કરે છે. આની અસર શરીર પર થાય છે. કેટલીક વ્યક્તિઓની એવી માન્યતા કે ખ્યાલ હોય છે કે, ‘ માણસનો સ્વભાવ’ કદી બદલાતો નથી પણ, આ માન્યતા ખોટી છે જો માણસ ધારે તો પોતાના સ્વભાવમાં રહેલી નબળાઈઓ અચૂકપણે દૂર કરી શકે એમ છે. મોટાભાગના લોકો, પોતાના સમય - સંજોગો અને પરિસ્થિતિને કારણે શરમાળપણાની પકડમાંથી મુક્ત થઈ શકયા છે તમે પણ જો શરમાળ હશો તો ચોક્કસ એ સમસ્યા દૂર કરી શકવાના જ છો. પણ, એ દૂર કરવા માટે કોઈ દવા નથી કે મંત્ર નથી. આ માટેનો તમારો પુરૂષાર્થ જ ઉપકારક થઈ પડશે. જો, તમે શરમાળપણું ખંખેરી નાખવા માટે કૃતનિશ્ચયી હો તો તે માટેના નિયમો શરૂઆતમાં થોડા મુશ્કેલ લાગશે. પણ, એના લાભો વિચારશો તો એ મુશ્કેલ કાર્ય પણ જલ્દી શરૂ કરી શકશો. પછી, જયારે તમે શરમાળપણામાંથી સંપૂર્ણપણે મુકત થઈ જશો ત્યારે તે વખતે તમે જ તમારો ભૂતકાળ યાદ કરીને હસશો : ‘‘અરે ! હું સાવ નાની અમથી વાતો (બાબતો)માં શરમાતો હતો !’’ પછી તો યોગ્ય વાતો કોઈનીયે શેહશરમ રાખ્યા વિના, બેધડક રીતે કહેતા થઈ જશો. પરિણામ સ્વરૂપે, ધારેલાં કાર્યો સફળતાપૂર્વક પાર કરી શકશો. ‘શરમાળપણું’ દૂર કરવાની તરકીબો નીચે મુજબ છે. (૧) તમે કોઈ રસ્તે ચાલીને જતા હોય, ભલે તમે રસ્તો જાણતા હો છતાંયે સજજન વ્યક્તિને રસ્તા અંગેની પૂછપરછ કરો, સામેની વ્યક્તિ વધુ ઉત્સાહી લાગે તો બીજી પણ બે - ત્રણ જગ્યાઓ વિષે પૂછપરછ કરો, આમ, વાત કરવાની તક મળશે. જાણીતી કરતાં અજાણી વ્યક્તિઓ સાથે વાત કરવાની તક ઊભી કરવામાં ફાયદો એ છે કે, એ તમારા વિશે કંઈ જાણતી જ નથી. એ વ્યક્તિ તમને પણ પોતાના સરખી જ વ્યક્તિ માનીને વાત કરશે. (૨) દુકાને ખરીદી કરવા જાવ ત્યારે ખરીદ કરવાની ચીજ વસ્તુ સિવાયની વસ્તુઓ વિશે પણ પૂછપરછ - ભાવતાલ વગેરે જાણો. (૩) પુસ્તકાલયમાં સભ્ય થઈને ત્યાં પ્રાપ્ય એવા, તમારે જરૂરી એવા પુસ્તકોનું વાંચન કરો. (૪) તમારો નોકરી - ધંધો વ્યવસાય કરતી વ્યક્તિઓ મળે તો તેઓને એકબીજાના વેપાર અંગે વાર્તાલાપ કરો. પ્રગતિ - સફળતા - નફો - નુકસાન - જરૂરી માહિતીની આપ - લે કરી વાતચીત કરો. પરિણામે, ધંધા - નોકરીની વધુ જાણકારી મેળવાશે.(૫) બસમાં, નોકરીના સ્થળે - ટ્રેનમાં કે અન્યત્ર સમય પસાર કરવાના સ્થળે, યોગ્ય જણાય તેવી વ્યક્તિ સાથે વાતચીત કેળવો વળી, અન્ય વ્યક્તિ તમારી સાથે વાતચીત કરે તો તમે પણ ઉત્સાહપૂર્વક જવાબ આપો. અને તેની વાતોમાં રસ દાખવો. (૬) જાહેર જીવનમાં શક્ય તેટલા વધુ પરંતુ જરૂરી લોકોને મળો. તેમની સાથે જરૂરી અને યોગ્ય વાર્તાલાપ કેળવો. તેમની સાથે વાર્તાલાપ જામી શકે તે માટે નીચે આપેલા સૂચનોનો અમલ કરો. (એ.) છાપાઓ - સામાયિકોનું વાંચન રાખો. બનાવોની જાણકારી વાતચીતમાં ઉપયોગી નિવડશે. (બી.) સામેની વ્યકિતનું સ્વમાન ઘવાય એ રીતે ન વર્તશો. (ડી) સામેની વ્યક્તિની વાત સાચી અને યોગ્ય હોય તો અવશ્ય પ્રોત્સાહન આપો.

અન્ય વ્યક્તિઓના વ્યક્તિત્વથી આપણે ઘણીવાર તો એટલા બધા અંજાઈ જઈએ છીએ કે, તેનાથી આપણે આપણી જાતને સામેની વ્યક્તિ કરતા નીચે કે કાચા સમજીએ છીએ પણ, એવું તે શું વિશિષ્ટ વ્યક્તિત્વ છે કે જે તમને નીચા પાડે છે ? શું તેમની પાસેની આવડત એટલી બધી મુશ્કેલ છે કે, તમે પ્રયત્ન કરો તો હાંસલ ન કરી શકો ? હકીકતમાં, મોટાભાગની વ્યક્તિઓ આ માટે પ્રયાસ જ કરતી નથી. બલ્કે, જેમનામાં વ્યક્તિત્વની રોશની ઝળહળે છે એ પણ તમારા જેવા જ માણસ છે, તમારી માફક જીવે છે, તમે જે આરોગો છે તે જ આરોગે છે, તે તમારાથી જરાપણ અલગ નથી. પણ, તમારામાં શું કચાશ છે ? એ શોધવાની તમારે જરૂર છે.

ઘણીવાર અજાણ્યા લોકો સામે તમે ખૂબ જ શરમિંદા બની જાઓ ત્યારે મનમાં ડર હોય કે, ‘‘હું કંઈક કહીશ કે બોલીશ તો લોકો હસશે કે ટીકા કરશે તો ?’’ હકિકતમાં, અજાણી વ્યક્તિને તમારે માટે કોઈપણ ખરાબ કે હલકી લાગણી હોતી જ નથી. બલ્કે, માનની ભાવનાથી જ વાત કરે છે. કદાચ કોઈકવાર બોલવામાં - ચાલવામાં ભૂલ થઈ જાય તો ડરવાની કે ચિંતા કરવાની જરાપણ જરૂર નથી. પણ, એ બાબતને સમજીને ફરીથી એવું ના થાય એ તરફ ધ્યાન આપવું અને તમે જે કરી છે એવી સામાન્ય ભૂલો તો બધા જ કરતાં હોય છે માટે, અતિ સામાન્ય બાબતની ભૂલોથી ડરવાની જરૂર જ નથી. સંજોગો અનુસાર પોતાના વિચારોને શાબ્દિક રૂપ આપવું ઘણું જરૂરી છે. દોસ્તને ઉષ્મા ભર્યા શબ્દોની વાતો કરવી, કોઈ વ્યક્તિ તમારૂં કામ કરી આપે તો ખરા દિલની લાગણી માટે આભાર દર્શાવતા બે શબ્દો કહેવા, સંબંધિત વ્યક્તિઓ પર શબ્દો વડે સ્નેહ વરસાવવો, ખરીદી કરવા જઈએ, તો દુકાદાર સામે હસીને ઉષ્માપૂર્ણ વર્તન દાખવવુ વગેરે બાબતોથી પણ ધીમે ધીમે શરમાળપણું દૂર થઈ જશે, પણ, શરમાળપણાને લીધે આની લાગણી ન દર્શાવો, દિલાસો ન દર્શાવો, હાસ્યાસ્પદ થઈ પડવાની બીકે વાત જ ન કરો, સામેની વ્યક્તિની વાત ન સમજો, બોલવાના પ્રસંગે ચૂપ રહો... આવી હરકતોથી સામેની વ્યક્તિને કેટલીક વાર આઘાત લાગે છે અને તમારે માટે ખોટો મત બંધાય છે. વળી, તમારૂં મિત્રવર્તુળ તમારા આવા સ્વભાવનો જાણ્યે - અજાણ્યે લાભ લેવાનું ચુકતું નથી. આવું ‘શરમાળપણું’ દૂર કરવાના પ્રયત્નો આજથી જ શરૂ કરી દો. ઉપરોકત તરકીબો અજમાવવાની શરૂઆત પણ આજથી જ કરો. જો, શરૂઆતમાં કોઈ પ્રસંગે નિષ્ફળતા નડે તો એથી નિરાશ થવાની બિલકુલ જરૂર નથી. નિરાશ થવાથી કાંઈ સફળતા મળવાની નથી. જગતમાં એવી કોઈ મુશ્કેલી નથી કે જેનો માર્ગ જ ન હોય. તમારા ‘‘આવા દિવસો પણ જતાં રહેશે ને સુંદર રીતે જીવન વિતાવી શકશો.’’ આ સૂત્રને જીવનમાં વણીને જીવો.

જીવન તરંગ

જયસ્વી પટેલ

‘શરમાળપણું’ એ માનસિક ખામી છે. એટલે એનો ઉકેલ પણ માનસિક રીતે જ થઈ શકે. એની સામે લડત ઉપાડો તો ધીમે ધીમે સુધારો જણાશે. અને એક સમય એવો આવશે કે, તમે તમારા શરમાળપણામાંથી મુક્ત થઈને, તમે તમારા વિચારો, મંતવ્યો, લાગણીઓ, માંગણીઓ અતિ સહજપણે અને કુદરતી રીતે જ વ્યક્ત કરતા થઈ જશો. તમને તમારા વ્યક્તિત્વમાં ધરખમ ફેરફાર થતો દેખાશે.

ઝબકારો

અગાઉના જમાનામાં યુવતીઓ અકળાય ત્યારે શરમાઈ જતી, આજે તો શરમાય ત્યારે અકળાઈ જાય છે.

■ sanjogpurti@gmail.com

રેલગાડી ચાલી...!

એક વખત પ્રાણીઓએ રેલગાડીમાં મુસાફરી કરવાનું નક્કી કર્યું. બધાંએ ભેગા મળીને લાંબી સફરે જવાનું આયોજન કર્યું. હાથીભાઈએ ડબ્બાની જવાબદારી લીધી. સિંહ રાજાએ ટિકિટ તપાસવાનું કામ સંભાળ્યું. મોર અને પોપટે ડબ્બા સજાવ્યા. વાંદરા અને સસલાએ બધાને આરામથી બેસાડવાનું કામ સંભાળ્યું.

એકપછી એક બધા પ્રાણીઓ ડબ્બામાં ગોઠવાયા. થોડીવારમાં રેલગાડીની વ્હીસલ વાગી. ધીમે ધીમે રેલગાડી ઊપડી. છૂક... છૂક... છૂક... બધા પ્રાણીઓ આનંદમાં ગીત ગાવા લાગ્યા, "છૂક... છૂક... છૂક... રેલગાડી જાય દૂર.. દૂર.. દૂર !"

જિરાફે બહાર લાંબી ડોક કરીને જોયું, "વાહ! અહીં તો સુંદર લીલુંછમ ઘાસ છે ને ઊંચા ઊંચા પહાડ છે!" સસલાએ કૂદીને કહ્યું, "અરે ઝિરાફભાઈ, હજુ તો આગળ એક સરસ નદી પણ આવશે!" વ્હીસલ વાગતી જાય ને રેલગાડી દોડતી જાય, 'છૂક... છૂક... છૂક... છૂક... છૂક... છૂક...' બધા પ્રાણીઓ ખુશ હતા.

અચાનક રેલગાડી અટકી. બધા પ્રાણીઓ વિચારમાં પડી ગયા. એવામાં સસલું અને વાંદરો કહે, "ચિંતા ન કરશો. અમે આમ ગયા ને આમ આવ્યા. ગાડી કેમ થંભી તે જોતા આવીએ." સસલું ને વાંદરો કૂદાકૂદ કરતાં છેક આગળ પહોંચી ગયાં. જોયું તો એક મોટું ઝાડ પાટા પર પડી ગયું હતું. બધા વિચારમાં પડી ગયા, "અરે, હવે શું કરીએ ? ઝાડ હટશે કેમ ને રેલગાડી ચાલશે કેમ !"

ત્યાં હાથીભાઈ તરત બોલ્યા, "ચિંતા ન કરશો. ચાલો આપણે સાથે મળીને ઝાડને ખસેડીએ." બધાએ ભેગા મળી તાકાત લગાવી. હાથીભાઈએ પોતાની લાંબી સૂંઢથી ઝાડને ખસેડવાનો પ્રયત્ન કર્યો. બીજા પ્રાણીઓએ પણ મદદ કરી. બધાએ સાથે મળીને આખરે ઝાડ ખસેડી નાખ્યું!

"હુર્રે!" બધા ઉત્સાહમાં કૂદી ઊઠ્યા ને પાછા ડબ્બામાં ગોઠવાયા.

રે વાર્તા!

મનીષ સુથાર

રેલગાડી ફરી છૂક... છૂક... છૂક... કરતી આગળ ચાલી. થોડા સમયમાં રેલગાડી એક સુંદર નદી પાસે પહોંચી. બધા પ્રાણીઓએ ત્યાં ઉતરી મોજ કરી. પાણીમાં તર્યાં, ગીત ગાયા અને ફરી પાછા રેલગાડીમાં પરત જંગલ તરફ વળ્યા. ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં સરપંચની હત્યા બાદ મંત્રીનું રાજીનામુ લઈ લેતા મુખ્યમંત્રી ફડણવીસ

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના રૂપમાં ભાજપને એક નવો પોસ્ટર બોય મળ્યો છે. ફડણવીસ પોતાની સરકારની છબી અંગે એક્શનમાં હોય તેવું લાગે છે. મંત્રીઓના OSD અને સચિવની નિમણૂક પર કડક વલણ અપનાવ્યા બાદ, CM ફડણવીસે હવે પોતાની જ સરકારના મંત્રી ધનંજય મુંડે પાસેથી રાજીનામું લઈ લીધું છે. ધનંજય મુંડે એનસીપી ક્વોટામાંથી મંત્રી હતા. બીડ જિલ્લામાં સરપંચની હત્યાના આરોપી સાથેના તેમના ફોટાએ ઘણા પ્રશ્નો ઉભા કર્યા હતા. આવી સ્થિતિમાં, ફડણવીસે ધનંજય મુંડેને મંત્રીમંડળમાંથી દૂર કરીને પોતાનું વલણ બતાવ્યું છે અને રાજકીય સંદેશ આપ્યો છે. મહારાષ્ટ્રમાં સત્તા સંભાળ્યા પછી, ફડણવીસ ખૂબ જ સાવધાની રાખી રહ્યા છે અને દરેક પગલું સાવધાની સાથે લઈ રહ્યા છે. આ વખતે મહાયુતિ સરકારનો ચહેરો દેવેન્દ્ર ફડણવીસ છે. જો કોઈ વિભાગમાં કોઈ અનિયમિતતા થાય અથવા સરકારની પ્રતિષ્ઠા ખરડાય, તો સરકારના વડા તરીકે ફડણવીસ વિપક્ષના સીધા નિશાન પર આવશે. આ જ કારણ છે કે ફડણવીસ કોઈપણ સંજોગોમાં તેમની સરકારની પ્રતિષ્ઠા પર કોઈ ડાઘ નથી ઈચ્છતા, જેના માટે તેમણે કડક વલણ અપનાવ્યું છે.

વિશ્વનો દરેક દેશ ભારત સાથે તેની આર્થિક ભાગીદારીને મજબૂત કરવા માંગે છે : પ્રધાનમંત્રી

ન્યુ દિલ્હી,તા.૦૪

કોઈપણ દેશના વિકાસ માટે સ્થિર નીતિઓ અને સારું વ્યાપારિક વાતાવરણ મહત્વપૂર્ણ છે. અમે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો કરતી વખતે ૪૦,૦૦૦થી વધુ અનુપાલન દૂર કર્યા છે. એક સરળ આવકવેરા પ્રણાલી પણ કરવામાં આવી છે. હવે અમે જન વિશ્વાસ બિલ ૨.૦ પર કામ કરી રહ્યા છીએ. ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે ગ્રોથ એન્જીન ગણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે આજે વિશ્વનો દરેક દેશ ભારત સાથે તેની આર્થિક ભાગીદારીને મજબૂત કરવા માંગે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ બજેટ અમારી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ હતું. આ બજેટની સૌથી ખાસ વાત એ હતી કે અપેક્ષાઓ કરતાં વધુ ડિલિવરી મળી. ઘણા ક્ષેત્રો એવા છે જ્યાં સરકારે નિષ્ણાતોની અપેક્ષા કરતાં વધુ પગલાં લીધાં છે. આજે વિશ્વનો દરેક દેશ ભારત સાથે પોતાની આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા માંગે છે. આ ભાગીદારીનો વધુમાં વધુ લાભ લેવા માટે આપણા મેન્યુફેક્ટરિંગ સેક્ટરને આગળ આવવું જોઈએ. અમે આત્મનિર્ભર ભારતના વિઝનને આગળ ધપાવ્યું અને સુધારાની ગતિને વધુ ઝડપી બનાવી. અમારા પ્રયાસોથી અર્થતંત્ર પર કોવિડની અસર ઓછી થઈ, જેનાથી ભારતને ઝડપથી વિકસતું અર્થતંત્ર બનવામાં મદદ મળી.૧૪ સેક્ટર્સને PLI યોજનાનો લાભ મળી રહ્યો છે. આ યોજના હેઠળ ૭.૫ કરોડ યુનિટ મંજૂર કરવામાં આવ્યા છે.

કોડીનાર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રૂા.૧.૨૦ કરોડની વીજચોરી ઝડપાઈ

કોડીનાર,તા.૦૪

કોડીનાર શહેરી વિસ્તારમાં અંદાજે ૭૦ ટકાથી વધુના પાવર લોસના કારણે રાજકોટ પી.જી.વી.સી.એલ.ની મેઈન ઓફિસના વડાની સૂચના અનુસાર છેલ્લા બે દિવસથી કોડીનાર શહેરમાં વહેલી સવારથી વીજચેકિંગની ટીમે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ. બે દિવસ દરમિયાન કુલ ૪૬૦ જેટલા કનેકશનો તપાસવામાં આવ્યા હતા. વીજ કનેકશનની તપાસ દરમિયાન ૧૨૦ જેટલા કનેકશનમાં ગેરરીતિ માલુમ પડતા કુલ રૂ. ૧.૨૦ કરોડની વીજચોરી ઝડપી પાડી છે. જેમાં કોડીનારનાં પાણી ઝાંપા પાસે આવેલી પીરરિજ કુલ્હાશાહ દરગાહ ટ્રસ્ટમાં વીજચેકિંગ હાથ ધરતા દરગાહમાં મોટા પાયે ગેરરીતિ ઝડપાતા આ ટ્રસ્ટને રૂ.૭૦ લાખનો અધધ દંડ ફટકારતા કોડીનાર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ટીએમસી અને કોંગ્રેસની રોહિત શર્મા સામે અપમાનજનક ટિપ્પણી મામલે કેન્દ્રીય મંત્રી માંડવીયાએ રોકડુ પરખાવ્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૪

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીનો મામલો જોર પકડી રહ્યો છે. કોંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે રોહિત શર્માને જાડા અને બિનઅસરકારક ગણાવ્યા હતા. તે જ સમયે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સૌગત રોયે રોહિત શર્મા વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીનું સમર્થન કર્યું. હવે ભારતના રમતગમત મંત્રી મનસુખ માંડવીયાએ આ બાબતે નારાજગી વ્યક્ત કરી છે. રમતગમત મંત્રીએ કોંગ્રેસ અને તૃણમૂલને ખેલાડીઓને એકલા છોડી દેવા કહ્યું છે. મનસુખ માંડવીયાએ કહ્યું, કોંગ્રેસ અને ટીએમસીએ ખેલાડીઓને એકલા છોડી દેવા જોઈએ કારણ કે તેઓ તેમના વ્યાવસાયિક જીવનને સંભાળવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ પક્ષોના નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ, જેમાં બોડી શેમિંગ અને ટીમમાં રમતવીરના સ્થાન પર સવાલ ઉઠાવવાનો સમાવેશ થાય છે. આવી ટિપ્પણીઓ વૈશ્વિક મંચ પર દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે આપણા ખેલાડીઓ દ્વારા કરવામાં આવતી મહેનત અને બલિદાનને નબળી પાડે છે.

માર્ગ અકસ્માતમાં ઘાયલોને માર્ચ મહિનાથી રૂ.૧.૫ લાખની મફત સારવાર

ન્યુ દિલ્હી,તા.૦૪

માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને આ મહિનાથી એટલે કે માર્ચ ૨૦૨૫થી ૧.૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે. આ નિયમ ખાનગી હોસ્પિટલો માટે પણ ફરજિયાત રહેશે. આ સિસ્ટમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. આ માટે NHAI નોડલ એજન્સી તરીકે કામ કરશે. NHAI અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસ કે કોઈપણ સામાન્ય નાગરિક કે સંસ્થા ઘાયલોને હોસ્પિટલમાં લઈ જાય કે તરત જ તેમની સારવાર શરૂ થઈ જશે. આ માટે કોઈ ફી જમા કરાવવાની રહેશે નહીં. ઘાયલોની સંભાળ હોસ્પિટલ લેશે, પછી ભલે તેમના પરિવારના કોઈ સભ્યો તેમની સાથે હોય કે ન હોય. ખાનગી અને સરકારી બંને હોસ્પિટલોએ કેશલેસ સારવાર આપવી પડશે. જો સારવારનો ખર્ચ ૧.૫ લાખ રૂપિયાથી વધુ થાય છે, તો વધેલું બિલ દર્દી અથવા તેના પરિવારના સભ્યએ ચૂકવવું પડશે.

૮ માર્ચના રોજ કેન્દ્રિય ગૃહમંત્રી શાહ ચાંપરડા ગામે ગુરૂકુળનું ખાતમુહૂર્ત કરશે

વિસાવદર,તા.૦૪

ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પૂ. મુકતાનંદજીબાપુની અધ્યક્ષતામાં તા. ૮ ને શનિવારે બપોરે ૩ વાગ્યે બ્રહ્માનંદ વિદ્યાલય-ચાંપરડા સૈનિક સ્કૂલ ગ્રાઉન્ડ જૂનાગઢ-વિસાવદર હાઈવે ખાતે અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે. આ તકે સૈનિક સ્કૂલ, શાળાભવન, સૈનિક સ્કૂલ સ્ટાફ કવાર્ટર ભવન, જય અંબે હોસ્પિટલ, ડોકટર કવાર્ટર બિલ્ડીંગ, જય અંબે હોસ્પિટલ મોડયુલર ઓપરેશન થિયેટર કોમ્પલેક્ષ, બ્રહ્માનંદ વિદ્યાધામ-અતિથી ભવનનું બપોરે ૩ વાગ્યે લોકાર્પણ થશે.જયારે મુકતાનંદબાપુ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ બ્રહ્માનંદ વિદ્યા મંદિર, સંસ્કૃત શકિત ગુરુકુળનું ખાતમુહૂર્ત કરાશે.

ગુજરાતમાં ૪૫૦ યુ.જી. અને ૧૦૧૧ પી.જી. બેઠકોની મંજૂરી મળશે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર,તા.૦૪

ગુજરાત વિધાનસભામાં રાજ્યની મેડિકલ કૉલેજમાં M.D. અને M.S.ની કુલ સીટો અને છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા સંદર્ભેના પ્રશ્નનો ઉત્તર આપતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હાલ રાજ્યની મેડિકલ કૉલેજોમાં M.D.ની ૨,૦૪૪ અને M.S.ની ૯૩૨ સીટો ઉપલબ્ધ છે. છેલ્લા બે વર્ષમાં M.D.ની ૪૪૬ અને M.S. ની ૨૧૧ સીટો વધી હોવાનું તેમણે ઉમેર્યુ હતુ. મેડિકલ કૉલેજમાં પી.જી. અનુસ્નાતક બેઠકોની વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતુ કે, રાજ્યમાં NMC ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત P.G.(પોસ્ટ ગ્રેજ્યુએશન) ડિગ્રી (MD-૩ વર્ષ) ની ૨૦૪૪, પી.જી. ડીગ્રી (MS-૩ વર્ષ)ની ૯૩૨, પી.જી. સુપર સ્પેશ્યાલીટી (DM/M.Ch. ૩ વર્ષ) ની ૧૨૪ અને પી.જી. ડીપ્લોમાં (૨ વર્ષ)ની ૩૯ મળીને કુલ -૩૧૩૯ સીટ ઉપલબ્ધ છે. DNB (ડિપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડ) સ્પેશ્યાલિટી (૩ વર્ષ)ની ૧૪૮, DNB સુપર સ્પેશ્યાલિટી (૩ વર્ષ)ની ૭૬ અને DNB ડિપ્લોમાં (૨ વર્ષ)ની ૫૮ બેઠકો મળીને કુલ -૨૮૨ તેમજ CPS (કૉલેજ ઓફ ફિઝીશીયન એન્ડ સર્જન ઈન મુંબઈ) ડિપ્લોમા (૨ વર્ષ)ની કુલ-૨૯૮ બેઠકો ઉપલબ્ધ છે. આમ કુલ મળીને રાજ્યમાં કુલ-૩૭૧૯ જેટલી અનુસ્નાતક અભ્યાસ માટેની બેઠકો ઉપલબ્ધ છે. રાજ્યમાં અંદાજીત કુલ ૪૫૦ જેટલી યુ.જી. બેઠકો અને ૧૦૧૧ જેટલી પી.જી. બેઠકો માટે વિવિધ સંસ્થાઓએ NMCમાં એપ્લાય કર્યું છે જેના માટે રાજ્ય સરકારે એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપ્યું છે.

જસદણ નગરપાલિકાના નવા પ્રમુખ-ઉપપ્રમુખ આજે જાહેર થશે

જસદણ તા.૦૪

જસદણ નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી બુધવારે સાંજે ૪ કલાકે જુના માર્કેટયાર્ડના સભાખંડમાં યોજાશે. આ અંગે આજે મંગળવારે ભાજપની સંસદીય બોર્ડની બેઠક ગાંધીનગરમાં મળશે અને તેમાં નગરપાલિકાનું કોને સુકાન સોંપવું તે નક્કી થશે. હાલ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ કોણ બનશે તે અંગે લોકોમાં અનેક ચર્ચાઓ થઈ રહી છે. જસદણમાં ૧૯૯૫થી અપવાદ બાદ કરતાં મોટેભાગે શાસન ભાજપનું રહ્યું છે. ગત નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ તેમજ ચૂંટણી લડેલા ઉમેદવારોની શાખને કારણે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. પ્રમુખ-ઉપપ્રમુખ માટે ગત સપ્તાહે ગોંડલ માર્કેટયાર્ડ ખાતે સેન્સ લેવામાં આવી હતી, જેમાં સાતેય વોર્ડના ભાજપના સ્ત્રી-પુરુષ સભ્યોએ દાવેદારી રજૂ કરી હતી.

-:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૨૪/૨૦૨૫

મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે લાઠી

અરજદાર ::- સાવલીયા નટવરલાલ ભીમજીભાઈ ઉ.વ.૭૦ ધધો નીવૃતી કામ ધર્મે હિન્દુ પટેલ. રહે રામપર તા. લાઠી. જી. અમરેલી

-::વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી રામપર ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે રામપર ગામના રહેવાસી છે. અરજદાર પોતે **સાવલીયા નટવરલાલ ભીમજીભાઇ** ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે **સાવલીયા નટવરલાલ ભીમજીભાઇ** નો જન્મ જે તે સમયે રામપર મુકામે જન્મ તારીખ-૧૫/૧૧/૧૯૫૫ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૨૧/૨/૨૦૨૫

શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૬/૨૫ તા.૨૧/૦૨/૨૦૨૫

વિવાદી :- શ્રી કાનજીભાઈ દુદાભાઈ બગડા રહે.છભાડિયા તા.લાઠી
મો.૯૦૯૯૬૨૮૮૭૫
c/o આર.સી.દવે રહે.લાઠી મો.૯૪૨૬૯૩૪૩૩૩૫

વિરૂધ્ધ

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.છભાડિયા તા.લાઠી, જિ.અમરેલી

// જાહેર નોટીસ //

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.છભાડિયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી કાનજીભાઈ દુદાભાઈ બગડા નો જન્મ તા.૦૧/૦૫/૧૯૬૧ ના રોજ, છભાડિયા તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૯/૦૨/૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ~~સવાર~~/બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૧/૨૫ તા.૨૦/૦૨/૨૦૨૫

વિવાદી :- શ્રી બલર દેવશીભાઈ પરશોતમભાઈ
રહે.દામનગર, તા.લાઠી જિ.અમરેલી મો.૯૪૨૭૪૨૭૦૯૭
c/o ઈ.કે.મહેતા ઠે.નગરપાલીકા સામે, લાઠી મો.૯૪૨૭૨૦૬૩૨૦
અરજદારના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા

વિરૂધ્ધ

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી

// જાહેર નોટીસ //

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભીંગરાડ ગામે આ કામના અરજદારશ્રીની પુત્રી કાજલબેન દેવશીભાઈ બલરનો જન્મ તા.૦૧/૦૭/૧૯૮૩ ના રોજ ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૧/૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૨/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.માંડવીયા મધુબેન મનજીભાઈ
રહે. ધાંણલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી ધાંણલા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **માંડવીયા વિમળાબેન મનજીભાઇનો જન્મ તા.૨૦/૦૫/૧૯૮૨** ના રોજ મુ.ધાંણલા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૬/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.વાડદોરીયા જીવનભાઈ છગનભાઈ
રહે. ૪૬, ગ્રાઉન્ડ ફલોર, પુણાગામ, પારસમણી રો હાઉસ, આરોગ્ય કેન્દ્રની પાછળ, પુણાગામ, બોમ્બે માર્કેટ,સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી જાંબુડા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **નિલમ જીવનભાઇ વાડદોરીયાનો જન્મ તા.૨૧/૦૩/૧૯૯૧** ના રોજ મુ.મેરીયાણા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૮/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.જયસુખભાઈ જીવરાજભાઈ રાદડીયા
રહે. બાઢડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **જયસુખભાઇ જીવરાજભાઇ રાદડીયાનો જન્મ તા.૦૧/૧૨/૧૯૬૨** ના રોજ મુ.બાઢડા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૭/૨૫ તા.૨૧/૦૨/૨૦૨૫

વિવાદી :- શ્રી શારદાબેન ભીખાભાઈ કાનાણી રહે.શેખપીપરીયા તા.લાઠી
મો.૯૯૭૯૩૦૯૩૨૬
c/o જગદિશ.જી.આંસોદરિયા રહે. તાલુકા પંચાયત સામે લાઠી-
મો.૯૩૧૬૦૬૮૪૫૬

વિરૂધ્ધ

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

// જાહેર નોટીસ //

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. શેખપીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી કાનાણી શોભનાબેન ભીખાભાઈ નો જન્મ તા.૦૫/૦૮/૧૯૮૨ ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૨/૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ~~સવાર~~/બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આદેશ જારી કરાયો, ૧૨ જેલરોની બદલી અને પ્રમોશન

ગાંધીનગર,તા.૦૪

રાજ્યના ગૃહ વિભાગે જેલ વિભાગમાં મોટા ફેરફારો કર્યા છે. વિભાગે તાજેતરમાં જેલર ગ્રુપ-૧ અને ગ્રુપ-૨ના કુલ ૧૨ અધિકારીઓને હંગામી ધોરણે પ્રમોશન અને બદલી કરવાનો આદેશ જારી કર્યો છે. આ પ્રમોશન જેલ અને સુધારાત્મક વહીવટ કચેરી (અમદાવાદ) અને તેની હેઠળની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ સહિતને આપવામાં આવ્યા છે. ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, જેલર ગ્રુપ-૧ (વર્ગ-૨) અને ગ્રુપ-૨ (વર્ગ-૩)ના અધિકારીઓને સાતમા પગાર પંચ મુજબ હંગામી ધોરણે બઢતી અને બદલીઓ કરવામાં આવી છે. આ પ્રમોશનથી જેલ વિભાગની કાયર્ક્ષમતામાં વધારો થશે અને કમર્ચારીઓને તેમની મહેનતનું યોગ્ય વળતર મળશે.

આ ઉપરાંત, જેલ વિભાગમાં લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ પણ ભરાઈ જશે, જેનાથી વહીવટી કાર્ય સરળ બનશે.

જેલ વિભાગમાં કરવામાં આવેલા આ ફેરફારોથી રાજ્યની જેલોમાં સુધારાત્મક વહીવટને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે.

રાજ્યમાં સિંહોના મૃત્યુમાં વધારો થયો હોવાનો રાજય સરકારે કર્યો સ્વીકાર

ગાંધીનગર,તા.૦૪

ગીરનો સાવજ એટલે એશિયાઈ સિંહ ગુજરાત સહિત દેશભરનું ગૌરવ છે. આ સિંહને જોવા વિશ્વભરમાંથી લાખોની સંખ્યામાં પર્યટકો ગીરમાં ફરવા માટે આવે છે. પર્યટકોને સિંહદર્શન કરાવવા માટે ગેરકાયદે લાયન શો યોજવામાં આવી રહ્યો છે. વળી, ગીર સફારીમાં પણ સિંહની પજવણી મુદ્દે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગીરમાં એશિયાઈ સિંહોની સંખ્યા તો વધી છે પરંતુ તેની સામે મોતનો આંકડો પણ ચિંતાજનક રીતે વધ્યો છે. ૨ વર્ષમાં રાજ્યમાં ૨૬૫ સિંહના મોતના સમાચાર સામે આવતાં હવે ચર્ચા થઈ રહી છે કે, શું એશિયાઈ સિંહના લુપ્ત થવાનું જોખમ વધ્યું છે? આ મુદ્દે ધારાસભ્ય શૈલેષ પરમારે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો. જેમાં સરકારે સિંહનો મૃત્યુઆંક વધ્યો હોવાનો સ્વીકાર કર્યો છે. રાજ્યમાં સિંહ અને બાળસિંહના મૃત્યુમાં ચિંતાજનક વધારો થયો છે. બે વર્ષમાં રાજ્યમાં ૨૬૫ સિંહ અને બાળસિંહના મૃત્યુ થયા છે. ૧૦૨ સિંહ અને ૧૨૬ સિંહબાળના કુદરતી રીતે મોત નિપજ્યા છે. વળી ૪૧ સિંહ અને ૧૪ બાળસિંહના અકુદરતી મૃત્યુ નિપજ્યા છે. વર્ષ ૨૦૨૩માં ૧૨૧ સિંહ અને સિંહબાળના મોત થયા હતા. વર્ષ ૨૦૨૪માં ૧૬૫ સિંહ અને બાળસિંહના મોત થયા છે.

સ્વામી જ્ઞાનપ્રકાશના નિવેદન વિરુધ્ધ બે દિવસ વીરપુર (જલારામ) સજ્જડ બંધ પાળશે

રાજકોટ, તા.૦૪

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાનપ્રકાશે સુરતના અમરોલી ખાતેના એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. ઘટનાને પગલે આજે વીરપુર (જલારામ) ખાતે સમાજના આગેવાનો, વેપારીઓ, વેપારી મંડળના પ્રમુખ અને રઘુવંશી સમાજના આગેવાનોની મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં જ્ઞાનપ્રકાશ સ્વામી રૂબરૂ મંદિરે આવી માફી માગે તેવી રોષ સાથે માગ કરવામાં આવી છે. વીરપુર ગ્રામ પંચાયતમાં બોલાવાયેલી બેઠકમાં મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં બે દિવસ વીરપુર (જલારામ) સજ્જડ બંધ રાખવામાં આવશે. આજ સાંજ સુધીમાં જલારામ બાપાની જગ્યામાં આવી રૂબરૂ માફી નહી માગે તો આગામી રણનીતિ ૬ માર્ચના જાહેર કરવામાં આવશે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

વિઝન આધુનિક ગુજરાતનું
મિશન વૈશ્વિક સ્તરની
શિક્ષણ વ્યવસ્થાનું

બજેટમાં
શિક્ષણ વિભાગ માટે
કુલ ₹૫૯,૯૯૯ કરોડની
જોગવાઇ

- મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સઃ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોની માળખાગત સુવિધાઓમાં સુધારણા માટે ₹૨,૯૧૪ કરોડની જોગવાઇ
- નમો લક્ષ્મી યોજના: રાજ્યની દરેક વર્ગની દીકરીઓ પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત થાય તે માટે યોજના હેઠળ ₹૧,૨૫૦ કરોડની જોગવાઇ

રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ: રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે
₹૭૮૨ કરોડની જોગવાઇ

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના: ૩૨,૨૭૭ શાળાઓના ૪૧ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવાના ઉદ્દેશ સાથે કુલ
₹૬૧૭ કરોડની જોગવાઇ

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY): અંદાજે ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ₹૪૧૦ કરોડની જોગવાઇ
- જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઑફ એક્સલન્સ માટે ₹૨૦૦ કરોડની જોગવાઇ
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના: ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓને ₹૨૫૦ કરોડની આર્થિક સહાય
- એલ. ડી. ઈજનેરી કૉલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટિવ AI લેબ અને અન્ય છ સરકારી ટેક્નિકલ સંસ્થાઓ ખાતે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) લેબ સ્થાપવા માટે ₹૧૭૫ કરોડની જોગવાઇ

બાળકોના શિક્ષણમાં ટેક્નોલોજી, ઈનોવેશન અને કુશળતા
સાથે અદ્યતન જ્ઞાન આપવાનો ઉદ્દેશ

Sheetal ICE CREAM
Crunch into Royalty with
Kaju & Draksh Magic

Care is our culture
AIMS -એઇમ્સ
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
ડૉ. ડી. એસ. રાજુ
MBBS, MD, DrNB (CARDIOLOGY)
હૃદયરોગ નિષ્ણાંત એઇમ્સ હોસ્પિટલ - અમરેલી
બહોળો અનુભવ ભુતપુર્વ કાર્ડિયોલોજિસ્ટ એપોલો હોસ્પિટલ, ચેન્નાઇ નોબલ હાર્ટ કેર, કેરળ
સ્પેસિયલ ઇન્ટરેસ્ટ
૧) 24X7 ફુલટાઇમ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
૨) હૃદયનો 2D/3D ઇકો વીથ કલર ડૉપ્લરની સુવિધા
૩) ડોબ્યુટેમાઇન સ્ટ્રેશ ઇકોની સુવિધા
૪) ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
૫) HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
૬) હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી(સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
૭) પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
૮) હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
"આયુષ્યમાન કાર્ડ ધારક લાભાર્થીને એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવીધા તદ્દન ફ્રી માં ઉપલબ્ધ છે.
GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે - સંપર્ક : 7610810857
એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
☎ 02792222060 / 7610810827

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮